|| સ્વામિશ્રીજી ||

Anoopam Mission

# બ્રહ્મનિર્ઝર

જે બ્રહ્મને જાણે તે પરમને પામે

એપ્રિલ-૨૦૨૪ * વર્ષ ૩૯ * અંક ૧



શ્રીહરિ જયંતી, શ્રી રામનવમીના પાવનપર્વે

## પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણને

ભાવભર્યાં હૃદયવંદન સાથે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ !



નવનિર્મિત શ્રી રામ મંદિર, શ્રી અયોધ્યા ધામ



શ્રી રામચંદ્ર કૃપાલુ ભજમન હરણ ભવ ભય દારુણમ્ ।
નવ કંજ લોચન કંજ મુખ કર કંજ પદ કંજારુણમ્ ॥

**પ્રાદુર્ભાવની શ્રી રામનવમીએ શ્રી રામચંદ્ર ભગવાનને  શત શત કોટિ વંદન !**

સ્વામિશ્રીજી

# ધન્ય ધન્ય ઘડી પ્રભુ પ્રાગટ્યની...
# ગુણાતીત સાધુ સ્વરૂપે પ્રગટ સહજાનંદની...!



## હે પ્રભુ !

**હે પૂર્ણ પુરુષોત્તમ નારાયણ**

**શ્રી સહજાનંદ સ્વામી મહારાજ !**

કલ્પનાતીત અને અપરંપાર કૃપા કરી
આપ – સ્વયં પરાત્પર પરબ્રહ્મ
માનવ દેહ ધારી આ પૃથ્વી પર
મંગલ પ્રાદુર્ભાવ પામ્યા !
ધન્ય એ પુણ્યભૂમિ ભારત અને
ગૌરવવંતી મંગલ ધરા છપૈયા ગામની
જ્યાં સાક્ષાત્ ધર્મદેવ અને ભક્તિમાતાનાં
ભાવ-ભક્તિ-તપ અને
અનંત પુણ્યોદયનાં સુફલરૂપ
તેઓ આપની દિવ્ય લીલાનાં દર્શન પામ્યાં !
નવ વર્ષથી અધિક સમયનાં
ભારત તીર્થાટન દરમિયાન
અનેક જીવ-પ્રાણી-વૃક્ષો-વનો-મનુષ્યોને
આપના દિવ્ય સંબંધની પ્રાપ્તિ, આપનાં દર્શન,
આપની અલભ્ય સેવાના લાભ પ્રાપ્ત થયા !
ભારતીય અધ્યાત્મદર્શન, સત્સંગ, શાસ્ત્રવિમર્શ
અને વિદ્વદ્ ચર્ચાઓની અગણિત શૃંખલાએ
તે સર્વમાં સંમિલિત અનેક દિવ્ય ચૈતન્યોની
આધ્યાત્મિક સાધનાને પરિપુષ્ટ કરી
તેમાં બળ પૂર્યાં !
ગૌરવસંપન્ન અને ભાગ્યશાળી
આ ધરા ગુજરાત – સૌરાષ્ટ્રની,
જ્યાં આપ પધાર્યા, વસ્યા, અનંત લીલાઓ દ્વારા
મનુષ્યજીવનને ઊર્ધ્વમાર્ગે પ્રેર્યાં,
યોગીઓને પરમ યોગમાં સ્થિર કર્યા,
સંતો-સાધકોની ભક્તિ સ્વીકારી
બ્રહ્માનંદના અનુભવ કરાવ્યા,
સૌનાં આત્યંતિક કલ્યાણના માર્ગ સુલભ અને
પ્રશસ્ત કરનારી દિવ્ય ઉપાસના –
શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનાં સ્થાપન અને
પ્રતિપાદન કર્યાં

**હે પ્રભુ ! હે પરાત્પર પરબ્રહ્મ !**

આપની અસીમ કૃપાની પરાકાષ્ટા સ્વરૂપે
આપે સાક્ષાત્ અનાદિ અક્ષરબ્રહ્મ તત્ત્વને પણ
આ પૃથ્વી પર પ્રાદુર્ભાવ પ્રાપ્ત કરાવ્યા.
ડભાણ ગામની એ તીર્થતુલ્ય ભૂમિ પર
ભાગવતી દીક્ષા સમયે અને
ત્યારબાદ પણ અનેક પ્રસંગોએ
આપે શ્રી ગુણાતીતાનંદ સ્વામીને આપના
અક્ષરધામ સ્વરૂપે ઓળખાવ્યા,
આપના પરબ્રહ્મ તત્ત્વના સાંગોપાંગ
અખંડ, પ્રગટ અને સાકાર ધારકરૂપે ઓળખાવ્યા !
અને, તેઓ દ્વારા અને ત્યારપછી
ગુણાતીતભાવને પ્રાપ્ત કરેલા સત્પુરુષ થકી
આપ આજપર્યંત આ પૃથ્વી પર પ્રગટ છો,
અને શાશ્વતકાળપર્યંત રહેશો તેવાં આપનાં

અભય વરદાન તે આપની કરુણા
અને અનહદ કૃપા !
**હે દયાળુ ! હે મહારાજ ! હે પ્રભુ સ્વામિનારાયણ ભગવાન !**
અમારે તો આપનો આશરો છે !
આશરો છે એટલે કે આપ અમારાં માટે
સર્વોપરી પ્રભુ છો, અમારાં જીવનમાં કેવળ એક
આપ જ સર્વ કર્તા,
સર્વ હર્તા, સર્વ કારણના કારણ છો !
**હે મહારાજ !**
આપ સર્વના, સર્વત્ર,
સર્વથા પ્રેરક-પ્રવર્તક છો જ !
તો, આપના આશ્રિત સહુમાં
આપની મરજી,
પ્રેરણા અને શક્તિ કાર્ય કરે છે,
પ્રગટ થાય છે,
લીલા કરે છે;
તેથી, તેઓ સૌ આપનાં જ મૂર્તિરૂપ
બ્રહ્મરૂપ છે અને માટે નિર્દોષ છે, દિવ્ય છે !
**હે મહારાજ ! હે સ્વામી !**
આપના અદ્વય તત્ત્વના ધારક
ગુણાતીતભાવને પ્રાપ્ત કરેલા સત્પુરુષ-સાધુરૂપે
આપ અખંડ પ્રગટ છો,
આપ સાક્ષાત્, સાકાર છો,
અમને ગુરુહરિ સંતભગવંત સાહેબજીરૂપે
પ્રત્યક્ષ પ્રાપ્ત થયા છો !
તેઓની મૂર્તિરૂપે આપનાં દિવ્ય તત્ત્વ અમારા
આત્મામાં વિદ્યમાન છે, તેથી અમે પણ
આત્મારૂપે અક્ષર છીએ, બ્રહ્મરૂપ છીએ,
પ્રગટ ગુરુહરિના દાસ છીએ !



**હે પરાત્પર પરબ્રહ્મ શ્રી સહજાનંદ સ્વામી મહારાજ !**
આપના પ્રાદુર્ભાવની મંગલ તિથિ
ચૈત્ર શુક્લ નવમીએ પ્રાર્થના છે કે :
**હે પ્રભુ !**
**હે અનાદિ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી મહારાજ !**
અમે અમારા મૂળ સ્વરૂપને પિછાણીએ !
અમે બ્રહ્મરૂપ છીએ અને
અમારા આત્મામાં પ્રગટ ગુરુહરિ સાહેબજીરૂપે
આપનાં જ અદ્વય તત્ત્વ બિરાજમાન છે !
આ જાગ્રતતા રૂપી
અમારા મનની અનેજીવનની વૃત્તિ
અખંડ અમારા પ્રગટ ગુરુહરિ સાહેબજીમાં
નિરંતર પરોવાયેલી રહે !
તેઓની અંતરની પ્રસન્નતા પ્રાપ્ત કરવાના
એકમાત્ર હેતુ અને જીવનધ્યેય સાથે
અમારાં પ્રત્યેક વિચાર, વાણી અને વર્તન
ભક્તિરૂપે સમર્પિત હો !
જેમ અમારા આત્મામાં આપ બિરાજમાન છો,
તેમ સૌના આત્મામાં પણ આપ બિરાજો છો,
તે સ્વરૂપનાં દર્શન કરીએ,
સહુને નિર્દોષ અને દિવ્ય જાણીએ અને
તેઓ દ્વારા પ્રગટ આપના સ્વરૂપની સેવા કરીએ,
ગુણ ગાઈએ,
સૌમાં વિચરતી બ્રહ્મની મૂર્તિની લીલા માણીએ.
આપના પ્રાગટ્યની આવી પ્રત્યેક ઘડીની ધન્યતા સાથે
અમારાં જીવન આપના દિવ્ય કાર્યના વાહક બની રહો
તેવી અભ્યર્થના !

~સા.પ્રે...

**~ સાધુ મનોજદાસ**



## બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ અને સંતભગવંત સાહેબજીના પ્રાગટ્યપર્વે
## સર્વત્ર બ્રહ્માનંદ... સહજાનંદ... રંગોત્સવે રેલાયો ભક્તિ ઉમંગ !

**નિર્ગુણ મૂર્તિ,** ગુણાતીતના અનુગામી, સાધુતાના કસબના કસબી બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજના ૧૯૬મા પ્રાગટ્ય મહાપર્વ અને આનંદબ્રહ્મની પ્રગટ મૂર્તિ, વત્સલ અતિ, યોગી વારસદાર, હૃદય અધિરાજ, માહાત્મ્યસમ્રાટ સંતભગવંત સાહેબજીના ૮૫મા પ્રાગટ્ય મહાપર્વની દિવ્ય અને ભવ્ય ઉજવણી તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે ૨૩થી ૨૫ માર્ચ ૨૦૨૪ દરમિયાન કરવામાં આવી. અનુપમ મિશનના ભગવાંહૃદયી સંતો, નિષ્ઠાવાન અક્ષરમુક્તો અને મહાનુભાવોની ભક્તિભીની ઉપસ્થિતિમાં આ ત્રિદિવસીય મહાપર્વ અંતરના આનંદ અને પરમ ભક્તિભાવ સાથે ઉજવાયું. બ્રહ્મજ્યોતિની તપોભૂમિની સોડમ, મોરલાઓની ગહેક, નવપલ્લવિત લતાઓ, તરુવરની ઝૂમતી શાખાઓ, રંગબેરંગી પુષ્પોની મહેક જાણે આ મહાપર્વની ઉજવણીની આતુરતાથી રાહ જોતાં હોય તેવી અનુભૂતિ સર્વત્ર વ્યાપી હતી. આ ઉમંગમાં ઉમળકાભેર જોડાવા તત્પર દેશ–પરદેશના હજારો ભાવિક ભક્તો પણ હૈયે અપાર ભક્તિભાવ ધારીને પધાર્યા. સર્વત્ર પ્રસરેલ આનંદ અને દિવ્યભાવ અલૌકિક હતા ! વિશાળ મંડપ, સુંદર સુશોભન અને ભવ્ય વ્યવસ્થાપન સાથે સંતોએ અદ્‌ભુત તૈયારીઓ કરી હતી. આ સેવાઓને મહિમા સાથે સાકાર કરવા સ્વયંસેવકો, થનગનતા તરવરિયા યુવાનો અગાઉથી બ્રહ્મજ્યોતિ પર પધારી ગયા હતા અને સંતોનાં માર્ગદર્શન મુજબ સેવામાં ઓતપ્રોત થઈ ગયા હતા. ૨૩ માર્ચ ૨૦૨૪ની સાંજથી આ મહાપર્વના કાર્યક્રમોનો આરંભ થયો.

### બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની દિવ્ય સ્મૃતિમાં કીર્તન આરાધના
### યોગીની લેખિનીએ પ્રગટેલી અધ્યાત્મગંગા

ગુરુદેવ યોગીજી મહારાજની દિવ્ય સ્મૃતિમાં યોજાતી કીર્તન આરાધના અને સંતભગવંત સાહેબજીના તારીખ મુજબના ૮૫મા પ્રાગટ્યદિન નિમિત્તે અદ્‌ભુત કીર્તનભક્તિ વહી. અનુપમ સૂરવૃંદના સંતો–યુવાનોએ વિશિષ્ટ કીર્તન આરાધના – ‘યોગીની લેખિનીએ પ્રગટેલી અધ્યાત્મગંગા’ પ્રસ્તુત કરી. ગુરુદેવ યોગીજી મહારાજે સંતભગવંત સાહેબજીને યુવાન અવસ્થામાં લખેલા



પૂજનમ્



વંદનમ્



ભક્તિભાવ અર્પણમ્



અનુપમ સૂરવૃંદના સંતો-યુવાનોને સાહેબજીનાં આશીર્દાન



આશીર્વાદમ્

૪૦૦થી વધુ પત્રો પૈકી કેટલાક પત્રોનાં વાંચન કરી, તેના મહિમાને વ્યક્ત કરી, તેને અનુરૂપ કીર્તનોનાં ભાવવાહી ગાન સાધુ પૂ. અશોકદાસજી, પૂ. ઉત્પલદાસજી, પૂ. હરેશદાસજી, પૂ. મૂકેશદાસજીનાં માર્ગદર્શને અનુપમ સૂરવૃંદના યુવાનો દ્વારા થયાં. કીર્તન આરાધનાના સૂત્રધાર સ્વરૂપે ચેતનભાઈ-કલ્પેશભાઈ વ્યાસ દ્વારા પ્રાસાદિક પત્રોનાં વાંચન અને મહિમાનાં વર્ણન પણ અદ્ભુત રહ્યાં. સૌ ભક્તો ભક્તિના પરમભાવમાં ઝૂમી ઊઠ્યા. સ્વરબદ્ધ ભજનોનાં ગાન, કર્ણપ્રિય સંગીત અને મહિમાભર્યાં હૈયાંના સમન્વય સાથે પ્રગટ થયેલ માહાત્મ્યની આ અધ્યાત્મગંગા સૌનાં અંતરને ખૂબ સ્પર્શી ગઈ. યોગીબાપાએ વર્ણવેલ સંતભગવંત સાહેબજીના અલૌકિક મહિમામાં તરબોળ થઈ સૌ ભાવવિભોર થયા. પોતાના ગુરુહરિના તેઓના ગુરુએ જણાવેલ અપરંપાર મહિમાથી અવગત થઈ અપાર ધન્યતાના આનંદે સૌનાં અંતર પરમ ભક્તિભાવે ધબકી ઊઠ્યાં.

આ પ્રસંગે ઈ.સ. ૧૯૮૫માં ગુણાતીત દીક્ષાદિન દ્વિશતાબ્દી મહોત્સવ પ્રસંગે સંતભગવંત સાહેબજી તેમજ સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને પૂ. શાંતિદાદા દ્વારા ગવાયેલ કીર્તનોની દુર્લભ સ્મૃતિ વિડિયોદર્શન દ્વારા સૌએ માણી, અલૌકિક સ્મૃતિમાં ગરકાવ બની અપાર સુખ લીધું. સદ્ગુરુ સાધુ પૂ. હર્ષદદાદાએ શ્રી ઠાકોરજી અને સંતભગવંત સાહેબજીનાં પૂજન કર્યાં તથા સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને સદ્ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ પુષ્પહાર અર્પણ કરી ભાવવંદના ધરી. આ પ્રસંગે વિશેષ પધારેલ સરદાર પટેલ યુનવર્સિટીના નવનિયુક્ત કુલપતિશ્રી ડૉ. નિરંજનભાઈ પટેલનાં સ્વાગત કરી સન્માન-અભિવાદન કરાયાં. તેઓએ પ્રતિભાવ આપતાં સંતભગવંત સાહેબજીએ સદાય વરસાવેલા આશીર્વાદની સ્મૃતિ કરી, આભાર અને પ્રાર્થનાભાવ વ્યક્ત કર્યા.

સદ્ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ પ્રાસંગિક આનંદ વ્યક્ત કરતાં ગુરુદેવ યોગીજી મહારાજના દિવ્ય કાર્યની અનુપમ સૂરવૃંદ દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ માહાત્મ્ય-ઝાંખીને બિરદાવી અને સંતભગવંત સાહેબજીના મહિમાનાં ગાન કર્યાં. 'ગુરુદેવ યોગીજી મહારાજના આ પ્રાસાદિક પત્રો એ અનુપમ મિશનની મુખ્ય અને સર્વોત્તમ મૂડી છે', તેમ જણાવી ધન્યતા વ્યક્ત કરી.

સંતભગવંત સાહેબજીએ અનહદ વરસી આશીર્વાદ પ્રદાન કર્યા. યોગીજી મહારાજના મહિમાનાં ગાન કરી શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના માર્ગે ચાલવાની સમજણ આપી. નિર્દોષભાવે સેવા કરવાની તથા અભાવ-અવગુણમાં ના પડવાની ખાસ શીખ આપી. આ આશીર્વાદ પામી સૌએ ધન્યતા અનુભવી. સૌ પરમ ભક્તિભાવમાં ગરકાવ થઈ અલૌકિક આનંદથી સભર થયા.





પુષ્પહાર અર્પણ અને સદ્ગુરુ સાધુ પૂ. મનોજદાસજી દ્વારા પ્રાસંગિક ઉદ્બોધન






સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. નિરંજનભાઈનાં અભિવાદન... પ્રતિભાવ

## મહાત્મ્યદર્શન સભા
# 'બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ જીવનચરિત્ર' પારાયણ



બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજનાં પૂજન



બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજને પુષ્પહાર અર્પણ

૨૪ માર્ચ ૨૦૨૪, ફાગણ સુદ પૂર્ણિમા, હોળીના મંગલકારી દિવસે બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજનો ૧૯૬મો પ્રાગટ્યદિન અપાર મહિમા અને ભક્તિભાવ સાથે ઉજવાયો. સભા પ્રારંભે કીર્તન–સ્તવન ગાન બાદ સાધુ પૂ. પંકજદાસજીએ પૂજન તેમજ સાધુ પૂ. દિવ્યેશદાસજીએ પુષ્પહાર અર્પણ કરી ભાવવંદના ધરી. સવારની આ સભામાં પારાયણની વ્યાસપીઠ પર બિરાજિત સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાનાં પૂજન સાધુ પૂ. સતીશદાસજીએ કર્યાં તેમજ સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ ખેસ અને સાધુ પૂ. દિવ્યેશદાસજીએ પુષ્પહાર અર્પણ કર્યાં. ત્યારબાદ 'બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજના જીવનચરિત્ર'માંથી મહિમાપૂર્ણ જીવનપ્રસંગોનાં પારાયણનો આરંભ થયો. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજની બ્રાહ્મીસ્થિતિ, ગુણાતીત કક્ષા અને જીવનસંદેશની હૃદયસ્પર્શી સમજણ તેઓની લાક્ષણિક શૈલીમાં આપી. આ પારાયણ પ્રસાદ દ્વારા તેઓએ ઉપાસનાના સિદ્ધાંતોની સમજણ અને તેનાં આચરણની અદ્‌ભુત વાતો પણ કરી. ભગતજી મહારાજના જીવનપ્રસંગોના આધારે સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોનાં મહિમાદર્શનનો અનેરો અનુભવ કરાવ્યો. ભગતજી મહારાજના ગુરુભક્તિસભર અને દાસત્વભક્તિસંપન્ન જીવનવૃત્તાંતનાં દર્શન માણી સૌને થયું કે, આ જ ખરા અર્થમાં પ્રાગટ્યદિનની અભિવંદના છે ! ઉપસ્થિત શ્રોતાજનોનાં હૈયાં આ બ્રહ્મપ્રસાદની પ્રાપ્તિથી પરિતૃપ્ત થયાં. સાધનામાર્ગે, ભક્તિપથ પર જીવનપર્યંત બળ મળે તેવી સચોટ અને સ્પષ્ટ વાતો જણાવતી પૂ. અશ્વિનદાદાની પરાવાણી જ્યારે વિરામ પામી ત્યારે સભામંડપમાં બિરાજમાન હજારો ભક્તોએ સ્વસ્થાને ઊભા થઈને, તાળીઓ પાડીને તેઓ પ્રતિના આદર અને સન્માનને વ્યક્ત કર્યાં.



અંતે, સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવ્યા અને બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજના જીવનના આધ્યાત્મિક દૃષ્ટિકોણની સમજ આપી. સૌ સદ્‌ગુરુ સંતોના મહિમાનાં ગાન કરી તેઓની મહત્તા પણ સમજાવી. ભગવાન અને ભગવાનના ભક્તોની મન–કર્મ–વચને સેવા કરી, સૌમાં નિર્દોષભાવ રાખી આત્માને બળ પમાડવાની રીત બતાવી સૌને ધન્ય કર્યા.







પારાયણ પૂર્વે પૂજન–પુષ્પમાળા અર્પણ... સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા દ્વારા પારાયણ લાભ–બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ માહાત્મ્યગાન

## માહાત્મ્યદર્શન સભા : શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના કથામંગલ
## પંચમ અધ્યાય : 'સંતભગવંત સાહેબજી અમૃતમાહાત્મ્યધારા' પારાયણ


સંતભગવંત સાહેબજીને પુષ્પમાળ અર્પણ


પૂ. મનોજદાસજીને પ્રસન્નતાપૂર્ણ આશીર્દાન

૨૪ માર્ચ ૨૦૨૪, ફાગણ સુદ પૂર્ણિમા, સંતભગવંત સાહેબજીના પ્રાગટ્યદિન–ધુળેટીની પૂર્વસંધ્યાએ સંતભગવંત સાહેબજીના મહિમાનાં અનેરી રીતે ગાન કરવામાં આવ્યાં. 'શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના કથામંગલ' મહાગ્રંથના પંચમ અધ્યાય કે જેમાં સંતભગવંત સાહેબજીનાં જીવન અને કાર્યની તથા ઉપાસનાના સિદ્ધાંતોનાં જીવનઆચરણની ગાથા વર્ણવાઈ છે તેનાં પારાયણ આ ગ્રંથના રચયિતા સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ કર્યાં.



સભાપ્રારંભે શ્રી ઠાકોરજી, સંતભગવંત સાહેબજી અને મંચસ્થ સંતોનાં પૂજન તેમજ પુષ્પહાર અર્પણ કરી ભાવવંદન ધર્યાં. પારાયણ પૂર્વે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ પૂ. મનોજદાસજીને ખેસ પહેરાવી આશિષપ્રદાન કર્યાં. આ ગ્રંથમાં પ્રગટેલી અધ્યાત્મભાવના, સુદિવ્ય જીવનની વાતો, ગુરુદેવ યોગીજી મહારાજે લખેલા દુર્લભ પત્રો અને તેના ગૂઢ મર્મને પૂ. મનોજદાસજીએ અત્યંત ભક્તિભાવપૂર્ણ હૈયે અને મહિમાસંપન્ન શબ્દોના આધારે વર્ણવ્યા. મહિમા ગાવાની તેઓની છટા, અધ્યાત્મવિજ્ઞાનને સમજાવવાની તેઓની બુદ્ધિમત્તા અને સામર્થીનાં અલૌકિક દર્શન અને અનુભવ સૌને થયાં. તેઓએ સંતભગવંત સાહેબજીને કેવા મોટા માન્યા છે, કેવા અપાર ભક્તિભાવે ગુરુને ભજે છે, કેવી સર્વોપરી ભાવના પોતાના ગુરુમાં દાખવે છે તેની સહજ અનુભૂતિ આ પારાયણ દરમિયાન સૌને થઈ.


સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી દ્વારા પારાયણ લાભ–સાહેબજી માહાત્મ્યગાન

'શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના કથામંગલ' મહાગ્રંથનો પંચમ અધ્યાય ગુરુદેવ યોગીજી મહારાજના વિરાટતમ કાર્યની, સંતભગવંત સાહેબજીની અજોડ ગુરુભક્તિની, ગુણાતીત સ્થિતિ પામવાની, તે માટેના માર્ગે ચાલવાના સિદ્ધાંતોની સરળ સમજણ અને સહજ આચરણની કથા છે. સંતભગવંત સાહેબજી સ્તુતિમહિમા સ્તોત્ર સાથે આરંભ પામેલ શ્રી અક્ષરપુરુષોત્તમ કથામંગલના પારાયણમાં સૌ કોઈ એવાં લીન થઈ ગયાં કે, સ્થળ, કાળ, સમય – સઘળું સહજ ભુલાઈ ગયું ને કેવળ દિવ્યતામાં સૌ મહાલી રહ્યાં. પ્રગટ, પ્રત્યક્ષ સ્વરૂપમાં દઢાવ અને તેમના મહિમાની તલસ્પર્શી વાતો તેમજ પ્રસંગોએ સૌને દિવ્ય સુખ અને ધન્યતાના પરમ આનંદમાં ઝબોળી દીધાં. પારાયણના અંતે પૂ. મનોજદાસજીએ સંતભગવંત સાહેબજીને પ્રસન્ન કરવા સદ્‌ગુરુ સંતોએ આપેલા ૬ નિયમો પૈકી ઓછામાં ઓછો એક નિયમ લઈને, તેને જીવનપર્યંત પાળી ગુરુભક્તિ અદા કરવા હાકલ કરી. 'શ્રી અષ્ટોત્તરશત હરિનામ સ્તોત્ર'નાં સંકીર્તન સાથે આ કથા વિરામ પામી. અંતે સંતભગવંત સાહેબજીને અનુપમ મિશનનાં વિવિધ મંડળોના ભક્તો, મહાનુભાવો અને વિવિધ સંસ્થાઓમાંથી પધારેલા સંતો–ભક્તોએ વિશિષ્ટ રીતે તૈયાર કરેલ કલાત્મક હાર, સ્મૃતિભેટ અને હૃદયભાવ અર્પણ કર્યાં.

# માહાત્મ્યદર્શન સભા
# સંતભગવંત સાહેબજી પ્રાગટ્ય મહાપર્વ



કલાત્મક રથમાં બિરાજી સંતભગવંત સાહેબજી સભામંડપમાં પધાર્યા... યુવાનો દ્વારા અર્પણ નૃત્યભક્તિ સાથે સૌના સ્વાગતભાવ ઝીલ્યા

૨૫ માર્ચ ૨૦૨૪, રંગોના ઉત્સવ–ધુળેટીની મંગલ પ્રભાત સંતભગવંત સાહેબજીના ૮૫મા પ્રાગટ્યપર્વના દિવ્ય આનંદને લઈને ઉદય પામી. ભક્તોનાં દિલડાં ઝૂમી રહ્યાં હતાં, અંતર સંતભગવંત સાહેબજીના મહિમાનાં સ્પંદને ધબકી રહ્યાં હતાં. આ મહાપર્વનો આવિર્ભાવ કરવા, હૈયામાં તેની દિવ્યતા ભરી લેવા સૌ તત્પર હતા. આ ઉજવણીમાં સહભાગી બનવા દેશ–પરદેશથી મોટી સંખ્યામાં ભક્તમહેરામણ ઉમટ્યું. વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ, વડીલો, સંતો, મહંતો પણ પધાર્યા. આજે મંદિરજીમાં બિરાજમાન શ્રી ઠાકોરજી પણ દિવ્ય શણગારે શોભાયમાન થઈસૌને દર્શનસુખ આપતા હતા.

સવારે યોજિત માહાત્મ્યદર્શનની મુખ્ય ઉત્સવસભામાં સૌ સમયસર બિરાજી ગયા, સૌ વ્હાલાને વધાવવા આતુર હતા. સૌના આ ભાવ ઝીલતા સંતભગવંત સાહેબજી કલાત્મક સુશોભિત રથમાં બિરાજમાન થઈને સભામંડપમાં પધાર્યા. તરવરિયાં યુવાનો અને યુવતીઓએ અદ્‌ભુત નૃત્યભક્તિ દ્વારા સંતભગવંત સાહેબજીનાં ભવ્ય અને ભક્તિભર્યાં સ્વાગત કર્યાં. સભામાં બિરાજમાન સૌ



અનુપમી સંતો દ્વારા સંતભગવંત સાહેબજીને પુષ્પમાળ રૂપી હૃદયવંદના અર્પણ



યુવાનો દ્વારા સંતભગવંત સાહેબજીના શ્રી ચરણે ભક્તિભાવ અર્પણ



સંતો-ભક્તો ઉમંગે નાચી ઊઠ્યા, સૌનાં ઉરે મલકતી ભક્તિભાવના પણ છલકાઈ ઊઠી. ધજા અને પુષ્પો સર્વત્ર લહેરાયાં. આ શોભા અને સ્વાગત અદ્‌ભુત અને અનુપમ રહ્યાં !

સંતભગવંત સાહેબજી અને મંચસ્થ સંતોનાં પૂજન અને પુષ્પહાર અર્પણ થયાં. આ દિવ્ય ઉત્સવમાં હરિધામ-સોખડાથી પૂ. ત્યાગવલ્લભ સ્વામી અને સંતો તેમજ સંત બહેનો અને ભક્તો, સમઢિયાળાથી પૂ. નિર્મળ સ્વામી, સાંકરદાથી પૂ. બાપુ સ્વામી, પૂ. વિજ્ઞાન સ્વામી તેમજ સંતો, ગુણાતીત જ્યોતથી સદ્‌ગુરુ પૂ. હંસાદીદી અને સંત બહેનો તેમજ ગુણાતીત પ્રકાશના ભાઈઓ, શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિર-દિલ્હીથી પૂ. સુહૃદ સ્વામી અને સંતો તેમજ સંત બહેનો, યોગી ડિવાઈન સોસાયટી-પવઈ કેન્દ્રથી પૂ. ભરતભાઈ, પૂ. વશીભાઈ અને સંતો તેમજ સંત બહેનો ખૂબ મોટી સંખ્યામાં પધાર્યાં. સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ સ્વાગત પ્રવચન કરતાં સૌ સ્વરૂપો અને સંતો તેમજ સંત બહેનો અને ભક્તોને ભાવપૂર્ણ હૈયે આવકાર્યાં. ગુણાતીત સમાજની વિવિધ સંસ્થાઓ દ્વારા સંતભગવંત સાહેબજીને દિવ્ય પ્રેમ સ્વરૂપે પુષ્પમાળા અને સ્મૃતિભેટ અર્પણ થઈ, જેનો સંતભગવંત સાહેબજીએ ભાવથી સ્વીકાર કર્યો.


સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી


પૂ. ત્યાગવલ્લભ સ્વામીજી

પૂ. ત્યાગવલ્લભ સ્વામીજીએ માહાત્મ્યગાન કરી સંતભગવંત સાહેબજી પ્રતિના પ્રેમભાવને વહાવ્યો. ગુરુહરિ પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજી, પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજી અને પોતાનાં સંતભગવંત સાહેબજી સાથેનાં દિવ્ય સંસ્મરણો વાગોળ્યાં. ગુણાતીત સમાજના લાડીલા અને પ્રેમમૂર્તિ સંતભગવંત સાહેબજીના શ્રી ચરણે વંદન ધર્યાં.


પૂ. વશીભાઈ


સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા

યોગી ડિવાઈન સોસાયટી-પવઈના વરિષ્ઠ સંત પૂ. હેમંતભાઈ વશીએ જણાવ્યું કે, 'સંતભગવંત સાહેબજીએ સર્જેલા પ્રત્યેક ભક્તો મંદિર સમાન છે તેવી અનુભૂતિ અમને કાયમ થાય છે.' સંવાદિતાને પ્રગટાવી દુનિયામાં ભક્તિની સુવાસ અને સ્વામિનારાયણ ભગવાનના સિદ્ધાંતને પ્રસરાવવાનું દિવ્ય કાર્ય સંતભગવંત સાહેબજી કરી રહ્યા છે તેની અદ્‌ભુત વાતો કરી. સંતભગવંત સાહેબજીનાં માર્ગદર્શનથી 'બહુજન હિતાય, બહુજન સુખાય'ની ભાવનાથી અનુપમ મિશનના સંતો દ્વારા થતાં સેવાકાર્યોને પણ બિરદાવ્યાં.

આણંદ જિલ્લાના સાંસદ શ્રી મિતેશભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધન કરી સંતભગવંત સાહેબજીને પ્રાગટ્યદિનની શુભકામનાઓ પાઠવી અને સૌની સેવામાં પ્રવૃત્ત રહી શકાય તેવી પ્રાર્થના કરી. અનુપમ મિશન દ્વારા વિશ્વસમસ્તમાં રોપાતાં સંસ્કારનાં બીજ અને તેને અપાતાં પોષણની સરાહના કરી મહિમાની સુંદર વાતો કરી.


સાંસદ શ્રી મિતેશભાઈ

ભારતીય સેનાના પૂર્વ લેફ્ટનન્ટ જનરલ શ્રી અરવિંદ મહાજનજીએ અંતરના ભાવ અને પ્રાર્થના વ્યક્ત કર્યાં. સમગ્ર ભારતભ્રમણ દરમિયાન જે આનંદ ના મળ્યો, એ સંતભગવંત સાહેબજીના શ્રી ચરણોમાં પ્રાપ્ત થયો તેવી આનંદની લાગણી વહાવતાં તેઓએ કહ્યું કે, 'હું સંતભગવંત સાહેબજીનો શિષ્ય છું અને તેઓ મારા ગુરુ છે.' સાથે જ તેઓએ સ્મૃતિભેટ અર્પણ કરી સંતભગવંત સાહેબજી પ્રતિ પોતાના આદરભાવ ધર્યા.


શ્રી અરવિંદ મહાજન


પૂ. રાકેશભાઈ

સમઢિયાળાથી પધારેલા વરિષ્ઠ સંત પૂ. નિર્મળ સ્વામીજીએ આશીર્વાદ વરસાવ્યા અને તેઓની લાક્ષણિક શૈલીમાં કીર્તનગાન કરીને સંતભગવંત સાહેબજીનાં રૂપ, સ્વરૂપ, વાણીના મહિમાની વાતો કરી. સાહેબજી સામાન્ય મનુષ્ય નથી, પણ દિવ્ય ને અલૌકિક


પૂ. નિર્મળ સ્વામીજી

મૂર્તિ છે તેમ જણાવી ગુરુદેવ યોગીજી મહારાજ સાથેના અનેક પ્રસંગો વાગોળી સંતભગવંત સાહેબજીનાં માહાત્મ્યનાં ગાન કર્યાં.

આ પ્રસંગે સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાની સ્મૃતિ સાથે તેઓ દ્વારા લખાયેલ પ્રાર્થના કે જે ‘બ્રહ્મનિર્ઝર’ સામયિકના માર્ચ ૨૦૨૪ના અંકમાં પ્રકાશિત કરાઈ છે તેનું પઠન કરીને સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ ‘સાહેબ કોણ છે ?’ તેની આધ્યાત્મિક બહુ સુંદર સમજણ આપી.



સંતભગવંત સાહેબજીનાં દિવ્ય આશીર્દાન

શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિર–દિલ્હીથી પૂ. મુકુંદજીવન સ્વામીજી–ગુરુજીએ લખી મોકલાવેલ શુભેચ્છા સંદેશ–આશિષપત્રનું પઠન રાકેશભાઈએ કર્યું. તેમજ શ્રીમદ્ રાજચંદ્ર મિશન–ધરમપુરથી ગુરુદેવ પૂ. રાકેશભાઈએ મોકલેલ શુભેચ્છા અને મહિમાનાં ગાન કરતા સંદેશનાં પઠન સાધુ પૂ. પીટરદાસજીએ કર્યાં. ત્યારબાદ ઇંગ્લૅન્ડથી સતીશભાઈ ચતવાણીએ ફોન દ્વારા શુભકામનાઓ પાઠવી અને ઇંગ્લૅન્ડમાં યુવાનો–ભક્તો દ્વારા અત્યંત ભક્તિભાવે ઉજવાયેલ સંતભગવંત સાહેબજી પ્રાગટ્ય ઉત્સવનો અહેવાલ રજૂ કર્યો.

અંતે, સંતભગવંત સાહેબજીએ સૌના ભાવ ઝીલી, ગુરુદેવ યોગીજી મહારાજની સ્મૃતિ કરી આશીર્વાદ પ્રદાન કર્યા કે, ‘આપણી પ્રગટની ઉપાસના છે. સુખ, શાંતિ અને આનંદ પામવાનો એ રાજમાર્ગ છે. પ્રગટ સત્પુરુષમાં જોડાઈ, જીવની પ્રીતિ કરી, બે હાથ જોડી તેમની આજ્ઞા પાળીએ તો અખંડસુખ, શાંતિ અને આનંદમાં રહેવાય. સત્પુરુષને ઓળખવા, તેમનો સ્વીકાર કરવો તો અંદરથી બદલાઈએ. ભક્તોની સેવા મન–કર્મ–વચને અને નિર્દોષભાવે સેવા કરવાથી સમતા આવી જશે, નિશ્ચિંત થઈ જવાશે. અઠવાડિક સત્સંગસભામાં નિયમિત હાજરી આપવી, દરરોજ ‘સ્વામિનારાયણ’ મહામંત્રની અડધો કલાક ધૂન કરવી, દરરોજ પરિવાર સાથે મળીને એક ટંક ભોજન તો કરવું અને આવી જ્યારે ભક્તિ અદા કરીએ ત્યારે મૉબાઈલ ફોનને દૂર રાખવો, તેનો ઉપયોગ ના કરવો. ગુણગાન ને મહિમા ગાવાં તો ભગવાન તત્કાળ રાજી થઈ જશે.’

ગુરુહરિના પ્રાગટ્યના રંગે રંગાઈ, અંતરથી માહાત્મ્યધારામાં ભીંજાઈ, ભક્તિભાવથી સભર બની સૌ ધન્ય થયાં. અપાર આનંદ લઈ સૌ નવા જોશ, ઉમંગ અને આનંદ સાથે વિસર્જિત થયાં. આ મહાપર્વનાં આયોજન–વ્યવસ્થાપન માટે અનુપમ મિશનના સંતો સાથે પ્રત્યેક પ્રદેશના યુવા કાર્યકર્તાઓએ રસોડા, સુશોભન, સ્વાગત સરભરા, ઉતારા, સભા–બેઠક વ્યવસ્થા, મંચવ્યવસ્થા, ફોટોગ્રાફી, વિડિયોગ્રાફી, સંગીત, જીવંત પ્રસારણ, સફાઈ, સભાસંચાલન આદિ બધા વિભાગોની જવાબદારીઓ અત્યંત નિષ્ઠાપૂર્વક નિભાવી અને શોભાડી તો સમૈયો સર્વાંગે સર્વોપરી ઉજવાયો અને સૌ પર સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોની અંતરની પ્રસન્નતા વરસી. ◆



યોગી ડિવાઈન સોસાયટી–પવઈના સંતો વતી હૃદયભાવ અર્પણ



હરિધામ–સોખડાના સંતો–ભક્તો વતી પુષ્પહાર અર્પણ



ગુણાતીત જ્યોતનાં સંત બહેનો અને વ્રતધારી સંતો વતી ભક્તિભાવ અર્પણ

# દેશ-પરદેશમાં ભક્તિભીના ભાવિક સંતો-ભક્તો દ્વારા સંતભગવંત સાહેબજી પ્રાગટ્ય ઉત્સવ

અનુપમ મિશનના સૌ સંતો-ભક્તોના પ્રાણાધાર, હૃદય-અધિરાજ સંતભગવંત સાહેબજીના ૮૫મા પ્રાગટ્યપર્વને ભવ્યતાથી ઊજવી લેવાના ઉમંગ સૌનાં અંતરે ઊભર્યા. પોતાના ગુરુહરિના પ્રાગટ્યમંગલને વધાવવા સૌ કોઈ તત્પર હતાં. સદ્‌ગુરુ સંતોની પ્રેરણાથી અનુપમ મિશનનાં સર્વ કેન્દ્રોમાં, સ્થાનિક મંદિરોમાં આ નિમિત્તે સમૂહ ધૂનનાં આયોજન થયાં. સૌ સંતો-ભક્તોએ સમૂહ ધૂનમાં જોડાઈ સંતભગવંત સાહેબજીના નિરામય દીર્ઘાયુ માટે પ્રાર્થનાઓ કરી. તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી પર છેલ્લા એક માસ દરમિયાન દર ગુરુવારે સાંજે મંદિરજીની પ્રદક્ષિણાભક્તિ અર્પણ થઈ, જેમાં સંતો સાથે સૌ સ્થાનિક ભક્તોએ 'સ્વામિનારાયણ' મહામંત્રના જાપ સાથે જોડાઈ ભક્તિ અદા કરી. દેશ-પરદેશના અનેક સંતો-ભક્તોએ પોતાના પ્રાણપ્યારા ગુરુહરિના પ્રાગટ્યપર્વ નિમિત્તે વિશેષ નિયમો લઈ અલૌકિક ગુરુભક્તિ અદા કરી. વિવિધ મંડળો-કેન્દ્રોમાં સૌ ભક્તોએ ભેગા મળી સંતભગવંત સાહેબજીના પ્રાગટ્યપર્વની ઉજવણી સ્થાનિક કક્ષાએ કરી તેઓ પ્રત્યેના પ્રેમને વ્યક્ત કરી, ધન્યભાવે ગુરુભક્તિ અર્પણ કરી.

*** સાધુહૃદયની ભાવવંદના :** સંતભગવંત સાહેબજીના પ્રાગટ્યપર્વની વિશિષ્ટ ઉજવણી સૌ સંતો દ્વારા અત્યંત ભક્તિભાવે કરવામાં આવી. ૧૯ માર્ચ ૨૦૨૪ના રોજ તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે સંતનિવાસ-‘પરિમલ’માં સૌ સંતોએ સંતભગવંત સાહેબજીના દિવ્ય સાંનિધ્યે બ્રહ્માનંદ કર્યો. મહિમાગાન કરી, સ્મૃતિ-સંભારણાં વાગોળી તથા રમતગમતના આનંદ કરી સૌએ સંતભગવંત સાહેબજી પ્રતિના અલૌકિક પ્રેમને વ્યક્ત કર્યો. પૂ. અશ્વિનદાદા અને સંતભગવંત સાહેબજીએ આશિષ પ્રદાન કરી સૌ પર અઢળક પ્રસન્નતા વરસાવી. સમગ્ર કાર્યક્રમનું આયોજન યુવાન સંતો દ્વારા કરવામાં આવ્યું. ઉજવણી પશ્ચાત્ યુવાન સંતોએ ભેગા મળીને વિવિધ વાનગીઓ જાતે બનાવી સંતભગવંત સાહેબજી અને સંતોને ભાવથી જમાડી અને સૌએ સાથે મળી અત્યંત આનંદ કર્યો.



સાહેબજીના પ્રાગટ્યપર્વે યુવા સંતો દ્વારા ભાવવંદના અર્પણ

૨૦ માર્ચ ૨૦૨૪ના રોજ સૌ સંતો દ્વારા ‘પારમિતા’ સભાખંડમાં સંતભગવંત સાહેબજી પ્રાગટ્યપર્વની ઉજવણી વિશિષ્ટ રીતે કરવામાં આવી. સભાના પ્રારંભે એક સુંદર નાટ્યપ્રસ્તુતિ રજૂ કરાઈ, જેમાં દર્શાવાયું કે, અભાવ-અવગુણ ને ખટપટ-માથાકૂટ સાહેબદાદાને પસંદ નથી. મોક્ષના માર્ગે પણ તે નડતરરૂપ છે. જો મહિમા અને ગુણગ્રાહ્ય અભિગમ રાખીએ, સંપ-સુહૃદભાવ-એકતા રાખીએ તો પ્રભુ અને સત્પુરુષ અંતરમાં બિરાજી સદાય સાથે રહે અને અપાર સુખ-શાંતિ-આનંદથી જીવન ભરી દે. આવી ભાવપ્રસ્તુતિ અર્પણ થઈ ને ત્યાં જ સંતભગવંત સાહેબજી સદ્‌ગુરુ સંતો સાથે સભાખંડમાં પધાર્યા ત્યારે ન્યારી ઢબે તેઓનાં ભક્તિભીનાં સ્વાગત કરવામાં આવ્યાં. સ્વાગતપથ પર બંને બાજુ સંતોએ ઊભા રહી સંતભગવંત સાહેબજીનાં કંકુ, ચોખા અને હૃદયના ભાવથી પૂજન-અર્ચન-પુષ્પહાર અર્પણ કર્યાં તેમજ પુષ્પો વરસાવી, મોં મીઠું કરાવીને અપાર આનંદ પ્રસરાવ્યો. આ દરમિયાન અનુપમ મહિમા સ્તોત્રમના ગાને સૌને ભાવવિભોર કરી દીધાં.

સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રસિદ્ધ ફગવા-‘મહાબળવંત માયા તમારી...’ને કેન્દ્રમાં રાખી સૌ સંતોએ આ પ્રસંગે વિશેષ ભક્તિ વહાવી તથા ફગવાનાં સમૂહગાન દ્વારા પ્રાર્થના અર્પણ કરી. ફગવાના એક-એક પદના અંતે જે-તે પદને અનુરૂપ સંતભગવંત સાહેબજીના દિવ્ય ગુણ-માહાત્મ્યનાં સંતોએ પ્રવચન દ્વારા વર્ણન કર્યાં. સાધુ પૂ. બિમલદાસજીએ સત્પુરુષમાં દિવ્યભાવની, સાધુ પૂ. સતીશદાસજીએ સત્સંગીમાં નિર્દોષભાવની, સાધુ પૂ. રમેશદાસજીએ નિર્માનીત્વની, સાધુ પૂ. દિલીપદાસજીએ ગુણાતીતભાવની અને સાધુ પૂ. હરમીતદાસજીએ ગુરુઋણ અદા કરવાની વાતો કરી સંતભગવંત સાહેબજીનો અલૌકિક મહિમા ગાયો.

સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ વરસાવી ગુરુદેવ યોગીજી મહારાજ પ્રતિની સંતભગવંત સાહેબજીની અદ્વિતીય ગુરુભક્તિનાં દર્શન કરાવ્યાં. ત્યારબાદ સંતભગવંત સાહેબજીને યુવાન સંતોએ મોગરાના પુષ્પનો વિશિષ્ટ શણગાર ધરાવી સૌને અલૌકિક સ્મૃતિદર્શનનો લાભ અપાવ્યો. અંતે સૌએ ‘હમ યુવાઓં કો ઘડનારા...’ કીર્તનના સમૂહગાન કરી પ્રેમ અને આદર વ્યક્ત કર્યો.

સંતભગવંત સાહેબજીએ ‘સર્વત્ર પ્રભુને રાજી કરવાના ભાવથી ભક્તિનો પ્રવાહ વહી રહ્યો છે’ એમ જણાવી, સમગ્ર કાર્યક્રમનું અદ્‌ભુત આયોજન કરનાર યુવાન સંતોની ભક્તિને બિરદાવી અંતરની પ્રસન્નતા

વરસાવી આશીર્વાદ અર્પ્યા. સૌ નિર્દોષ થઈ પ્રભુના ધામનો આનંદ માણતાં થઈ જાય તે માટે ઉપાસનાના સિદ્ધાંતોની સરળ ભાષામાં સમજણ આપી. અંતે સંતભગવંત સાહેબજીએ પિચકારી વડે સૌ પર જળરંગ વરસાવી પ્રેમપીયૂષમાં ભીંજવ્યાં. આવો અલૌકિક પ્રેમ પામી અને પ્રાગટ્ય ઉત્સવના આનંદને માણી સૌ ધન્ય થયાં. આ ભક્તિ- પ્રસ્તુતિનાં જીવંત પ્રસારણ દેશ-વિદેશના સેંકડો ભક્તોએ માણ્યાં. ◆

*** ગુરુસભા :** ૨૧ માર્ચ ૨૦૨૪ના રોજ તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી પર યુવકોની અઠવાડિક સત્સંગસભામાં ગુરુદેવ યોગીજી મહારાજે ઉદ્‌બોધેલ બ્રહ્મવાક્ય : 'નિર્દોષબુદ્ધિથી કરેલી સેવા, એ સર્વોપરી સેવા છે'ના કેન્દ્રવર્તી વિચાર સાથે તરવરિયા યુવાનો દ્વારા સંતભગવંત સાહેબજીના પ્રાગટ્યપર્વની જોશીલી અને મહિમાસંપન્ન ભક્તિથી ઉજવણી કરવામાં આવી. સભા પ્રારંભે સંતભગવંત સાહેબજીના પ્રેરક જીવનપ્રસંગોને સાંકળી, ગુરુભક્તિના પાઠ દઢાવતી અને નિર્દોષબુદ્ધિનું મિષ આપતી હૃદયસ્પર્શી નાટ્યપ્રસ્તુતિ રજૂ કરવામાં આવી. આ પ્રસંગે આર્થિક ઉપાર્જન કરતા યુવાનોએ અને બચત ભેગી કરતાં વિદ્યાર્થી બાળકોએ હૃદય અધિરાજ સંતભગવંત સાહેબજીને કલાત્મક અને ભવ્ય સિંહાસન અર્પણ કર્યું, સંતભગવંત સાહેબજી તેના પર બિરાજ્યા અને યુવાનોની ભક્તિને બિરદાવી પ્રસન્નતા વરસાવી. નાનાં ભૂલકાંઓ, યુવાનો ને યુવાન ગૃહસ્થોએ કલાત્મક સ્મૃતિભેટ, શુભેચ્છાકાર્ડ, કલગી આદિ અર્પણ કરી સંતભગવંત સાહેબજીના શ્રી ચરણે હૃદયવંદન ધર્યાં. ગુણાતીતાનંદ સ્વામીની પ્રકરણ ૪ની ૧૩૯મી વાતને યોજશ પટેલે ચોટદાર શૈલીમાં વર્ણવી ભગવાનધારક સાધુના સામર્થ્યની માર્મિક સમજણ આપી. તે જ વાતના અનુસંધાને સંતભગવંત સાહેબજીના જીવન અને ગુણાતીત અવસ્થાને છતા કરતા પ્રસંગો વર્ણવી સાધુ પૂ. યજ્ઞેશદાસજીએ અદ્‌ભુત મહિમાદર્શન કરાવ્યું. અઠવાડિક સભામાં નિયમિત હાજર રહી, સભાની વિવિધ પ્રવૃત્તિઓમાં સક્રિયપણે ભાગ લઈ, મંદિરમાં યોજાતા પ્રત્યેક સમૈયા-ઉત્સવમાં સેવા કરતા અને સાથે શિક્ષણક્ષેત્રે ઉજ્જ્વળ કારકિર્દી ધરાવતા અને અનેક સિદ્ધિઓ હાંસલ કરનાર યુવાનો પૈકી હેત ભટ્ટ, દેવ તૂટેજા, તરલ ગોહિલ, સમર્થ પટેલ, ઉજેશ મારડિયાનાં વિશેષ અભિવાદન કરાયાં. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ યુવાનો દ્વારા અર્પણ નાટ્યપ્રસ્તુતિ, મહિમાગાન, સુશોભન, ઉત્સવ-વ્યવસ્થાપન ભક્તિને બિરદાવી અભિનંદન પાઠવ્યાં. સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવી ગુરુદેવ યોગીજી મહારાજના માહાત્મ્યને ગાઈ, કોઈનાય અભાવ-અવગુણમાં ના પાડવાના સિદ્ધાંતને સમજાવ્યો. સુશોભન ને વ્યવસ્થાપનમાં સેવા અર્પણ કરનાર સંતોને તેમજ સભાની પ્રવૃત્તિ દ્વારા સંસ્કારસંપન્ન યુવાનોનું ઘડતર કરનારા સાધુ પૂ. પરેશદાસજી, પૂ. યજ્ઞેશદાસજીને બિરદાવી આશિષપ્રદાન કર્યાં. ◆

*** વેમાર :** ૨૩ માર્ચ ૨૦૨૪ના રોજ ઉપાસના ધામ, વેમારમાં બિરાજમાન શ્રી મુક્ત-અક્ષર-પુરુષોત્તમ મહારાજ અને સર્વ ગુણાતીત સ્વરૂપોની મૂર્તિઓનો આઠમો પાટોત્સવ તથા સંતભગવંત સાહેબજીના ૮૫મા પ્રાગટ્યપર્વની દિવ્યતાસભર ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, પૂ. હર્ષદદાદા, વડીલ સાધુ પૂ. દિલીપદાસજી અને સંતોનાં દિવ્ય સાંનિધ્યે સુરત, અંકલેશ્વર, વડોદરા, અમદાવાદ તેમજ કાનમ પ્રદેશનાં વિવિધ મંડળોના અક્ષરમુક્તો ઉપસ્થિત રહ્યા. સાધુ પૂ. ઉત્પલદાસજી અને પૂ. અશોકદાસજીએ આચાર્ય સ્વરૂપે પાટોત્સવની સુંદર વિધિ કરાવી. યજમાનોએ આ વિધિ કરી પ્રભુચરણે ભક્તિભાવ ધર્યા. સૂરવૃંદના યુવાનોએ સૌને કીર્તનભક્તિમાં તરબોળ કર્યાં. વેમારના અગ્રણી ચંદ્રકાંતભાઈ પટેલ અને અમદાવાદના દિવ્યાંગભાઈએ પ્રાસંગિક પ્રવચન કરી સંતભગવંત સાહેબજીના દિવ્ય મહિમાનાં ગાન કર્યાં. સદ્‌ગુરુ સાધુ પૂ. હર્ષદદાદાએ અને પૂ. અશ્વિનદાદાએ રૂડા આશીર્વાદ વરસાવ્યા. સંતભગવંત સાહેબજીના તારીખ પ્રમાણેના પ્રાગટ્યપર્વ અને પાટોત્સવ પર્વના આનંદમય પ્રસંગે ભક્તોએ શ્રી ઠાકોરજીને અન્નકૂટ અર્ઘ્ય અર્પણ કર્યો. આ ઉત્સવ પૂર્વે ૨૧ માર્ચના રોજ સંતોનાં સાંનિધ્યે પુનિયાદ મંડળના ભક્તો દ્વારા પણ સંતભગવંત સાહેબજીના ૮૫મા પ્રાગટ્યપર્વની



ગુરુવારની યુવકસભામાં સાહેબજીના પ્રાગટ્યપર્વની ભક્તિભરી ઉજવણી



ઉપાસના ધામ, વેમારમાં સદ્‌ગુરુ સંતોના દિવ્ય સાંનિધ્યમાં સાહેબજી પ્રાગટ્યોત્સવની સભા

ઉજવણી કરવામાં આવી, જેમાં સંતોનાં સાંનિધ્યમાં સૌએ સંતભગવંત સાહેજીનાં મહિમાગાન કર્યાં. ◆

*** ઈંગ્લૅન્ડ :** ઈંગ્લૅન્ડના ડૅન્હમ સ્થિત અનુપમ મિશનના મંદિરજીમાં શ્રી ઠાકોરજી સમક્ષ ૨૩ માર્ચના રોજ બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ પ્રાગટ્યપર્વ અને ૨૪ માર્ચના રોજ સંતભગવંત સાહેબજી પ્રાગટ્યોત્સવ ઉજવાયો. અત્યંત ભક્તિભાવે સૌ ભક્તો આ પર્વની ઉજવણીની સેવામાં સાધુ પૂ. હિંમત સ્વામીજી, ભાવિશાબહેન અને સંતોનાં માર્ગદર્શને જોડાયા. વિશેષ તો, આ પર્વનું સમગ્ર આયોજન અને પ્રસ્તુતિ યુવાનો દ્વારા ભક્તિભાવે કરવામાં આવ્યાં. શિકાગોથી પધારેલ પૂ. દિનકરભાઈ, અનુપમ મિશન ઈન્ટરનેશનલ કમિટીના પ્રમુખ સતીશભાઈ ચતવાણી, અનુપમ મિશન ઈંગ્લૅન્ડના પ્રમુખ વિનુભાઈ નકારજા આદિ વડીલોની પ્રેરક ઉપસ્થિતિમાં વૅમ્બલી, કિંગ્સબરી, ઈસ્ટ લંડન અને અન્ય મંડળોના ભક્તોએ ખૂબ મોટી સંખ્યામાં પધારી આ પાવન પર્વનો લાભ લીધો.

૨૩ માર્ચે ભગતજી મહારાજ પ્રાગટ્ય ઉત્સવના ભાગ રૂપે યોજિત કીર્તન આરાધનામાં દીપકભાઈ કોટેચાનાં માર્ગદર્શને યુવાવૃંદ દ્વારા મહિમાપૂર્ણ કીર્તનોનાં ગાન કરવામાં આવ્યાં અને પ્રત્યેક કીર્તનગાન બાદ સંતભગવંત સાહેબજીના ઉપાસનાલક્ષી આશીર્વાદની ક્લિપનાં દર્શન કરાવવામાં આવ્યાં, જે દ્વારા સૌએ શુદ્ધ આધ્યાત્મિક સમજણ પ્રાપ્ત કરી.

૨૪ માર્ચ-સંતભગવંત સાહેબજી પ્રાગટ્યપર્વે જેસન ધોકિયા, શોભન નકારજા, અભીપ્સા નકારજા, આશકા અધ્વર્યુ, હીરવા પટેલ, આનંદ પોપટ, ડેનિશા ધોકિયા, શ્યામ રાયરેલ, નિમ્મી પટેલ, ધનેશ સાકરિયા, શયના પોપટ, યશસ્વી મહેતાએ મહિમાગાન કરી સંતભગવંત સાહેબજીના દિવ્ય અને ભવ્ય સ્વરૂપની તેમજ અલૌકિક કાર્યની ઝાંખી કરાવી. સતીશભાઈ ચતવાણીએ પ્રગટની ઉપાસનાનો હાર્દ સમજાવી પ્રગટ અને પ્રત્યક્ષ સ્વરૂપ સંતભગવંત સાહેબજીના અસીમ મહિમાનું અદ્‌ભુત ગાન કર્યું.

ગુરુદેવ યોગીજી મહારાજના સિદ્ધાંત સંપ, સુહૃદભાવ ને એકતાના કાયદે સૌને જીવન જીવતા કરનાર સંતભગવંત સાહેબજીનો મહિમા ગાઈ પૂ. દિનકરભાઈએ આશીર્વાદ પ્રદાન કર્યા અને ઈંગ્લૅન્ડમાં સત્સંગપ્રધાન જીવતાં સૌ યુવાનો-યુવતીઓની ભક્તિને બિરદાવી પ્રસન્નતા વરસાવી. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને પૂ. મનોજદાસજીએ ભારતથી ફોન દ્વારા આશિષ પાઠવી સૌને ધન્ય કર્યાં. ◆

*** ઍલનટાઉન-યુ.એસ.એ. :** અમૅરિકાના ઍલનટાઉન સ્થિત મંદિરજીમાં ૨૩ માર્ચ ૨૦૨૪ના રોજ સાધુ પૂ. નરેન્દ્રદાસજી, પૂ. અરવિંદદાસજી, પૂ. આશિષદાસજી આદિ સંતોની ઉપસ્થિતિમાં સૌ ભક્તોએ ભેગા મળીને સંતભગવંત સાહેબજીના ૮૫મા પ્રાગટ્યપર્વની સુંદર ઉજવણી કરી. મંદિરમાં શ્રી ઠાકોરજીના શણગાર પણ અલૌકિક દર્શનસુખ આપી રહ્યા હતા. આવાહ્‌ન શ્લોક અને ધૂન બાદ, ઘનશ્યામ સભા, નીલકંઠ સભા, ગુજરાતી ક્લાસ તથા ભજન ક્લાસનાં બાળકો, યુવાન-યુવતીઓએ કાલીઘેલી અભિવ્યક્તિથી સંતભગવંત સાહેબજીના પ્રાગટ્યપર્વની ઉજવણીનો પ્રારંભ કર્યો. સૌ પ્રથમ ઘનશ્યામ સભાનાં નાનાં-નાનાં બાળકોએ પોતે જાતે બનાવેલ કલાત્મક શુભેચ્છાકાર્ડ, સ્મૃતિભેટ અને કલગી સંતભગવંત સાહેબજીની મૂર્તિને અર્પણ કર્યાં. ત્યારબાદ તેઓએ સૌને ‘બાળ જશુ જીવનયાત્રા’માં તરબોળ કર્યાં. કાલી-ઘેલી ગુજરાતી ભાષામાં સંતભગવંત સાહેબજીના બાળ તેમજ કિશોર અવસ્થાના પ્રેરણાદાયક પ્રસંગો વર્ણવી ભાવ ધર્યા કે, ‘હે સાહેબદાદા ! આપે અમને સહજ જ આપના જીવન દ્વારા અનેક જીવનમૂલ્યો શીખવ્યાં છે. તે પ્રમાણે જીવન જીવવા અમે પ્રયત્ન કરીશું.’ અને દરેક પ્રેરણારૂપ પ્રસંગો બાદ તેને અનુરૂપ સુંદર ભજનો ગાઈ પ્રાર્થનાઓ ધરી. ત્યારબાદ યુવતીઓએ સુંદર નૃત્યભક્તિ દ્વારા વિશિષ્ટ ભાવપ્રસ્તુતિ અર્પણ કરી. દીપ્તિબહેને કાર્યક્રમમાં ભાગ લેનાર બાળકો, માતા-પિતા તથા સર્વ



ડૅન્હમ-ઈંગ્લૅન્ડ મંદિરે સાહેબજીના પ્રાગટ્યપર્વની ઉજવણી



ઍલનટાઉન-અમૅરિકા મંદિરમાં સાહેબજીના પ્રાગટ્યોત્સવનો છલકાતો આનંદ

કાર્યકર્તાઓનો આભાર માન્યો. આ યુવા કાર્યક્રમનું સમગ્ર સંચાલન દિયાએ ખૂબ સુંદર રીતે કર્યું.

ડૉ. સિદ્ધાર્થભાઈ અને સુજાતાબહેને શ્રી ઠાકોરજી તથા સંતભગવંત સાહેબજીનાં પૂજન કરી હાર અર્પણ કર્યા. ત્યારબાદ 'સાહેબજી મળવાથી...' વિષય પર અક્ષરમુક્તો અને સંતોનાં માહાત્મ્યગાનનો દોર ચાલ્યો. આ માહાત્મ્યદર્શન શૃંખલામાં જિગરભાઈ, ડૉ. સિદ્ધાર્થભાઈ, કરીનાબહેન, બ્રિજેશભાઈ તથા ડૉ. જિતુભાઈએ મહિમાગાન કરી ભક્તિ અદા કરી. પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજી જીવનમાં આવવાથી સઘળું લૌકિક સુખ તો મળ્યું, પરંતુ 'સાહેબજી સંગે... અક્ષરપુરુષોત્તમ શુદ્ધ ઉપાસના સમજાઈ... જીવનમાં નિશ્ચિંતતા મળી... ભગવાનનું કર્તાપણું સમજાયું... ભક્તિભાવનો સાચો અર્થ સમજાયો... સંતો-ભક્તોનો મહિમા સમજાયો...' વગેરે સ્વાનુભવ દ્વારા ગુરુહરિના માહાત્મ્યને વર્ણવી સર્વ અક્ષરમુક્તોએ ગુરુભક્તિ અર્પણ કરી. આ ઉપરાંત સભામાં બિરાજમાન ભક્તોએ વારાફરતી એક શબ્દમાં અથવા એક વાક્યમાં તેમના જીવનમાં સંતભગવંત સાહેબજી મળવાથી થયેલા દિવ્ય કાર્યનું અદ્‌ભુત દર્શન કરાવ્યું.

સાધુ પૂ. નરેન્દ્રદાસજીએ પોતાના જીવન અનુભવો દ્વારા સંતભગવંત સાહેબજીના દિવ્ય અને અલૌકિક મહિમાનું વર્ણન કરી આશીર્વાદ પાઠવ્યા. અંતે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ વિડિયોદર્શન દ્વારા સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદા લિખિત 'સાધુહૃદયની પ્રાર્થનાગંગા'માંથી 'સાહેબ કોણ છે ?' તે વિષય પર આશીર્વાદ આપી સંતભગવંત સાહેબજીનું સાચું સ્વરૂપ ઓળખાવ્યું. રાજાભાઈએ ઍલનટાઉન, ન્યૂજર્સી, લૅન્સડેલ, બફેલો તથા મૅરીલૅન્ડ મંડળથી પધારેલા સૌ ભક્તોનો હૃદયપૂર્વક આભાર માન્યો. યોગીપ્રસાદનાં બહેનોએ ખૂબ ભાવથી તૈયાર કરેલ મહાપ્રસાદનો આનંદ માણી સભાની સ્મૃતિ વાગોળતાં વાગોળતાં સૌએ ગુરુપ્રાગટ્યના સહજાનંદની અનુભૂતિ કરી તેની દિવ્ય સ્મૃતિઓ હૈયે અંકિત કરી. ◆

*** લૉસ ઍન્જલસ :** અમેરિકાના લૉસ ઍન્જલસ સ્થિત નૂતન મંદિરમાં શ્રી ઠાકોરજીના દિવ્ય સાંનિધ્યમાં સૌ ભક્તોએ ભેગા થઈ સંતભગવંત સાહેબજીનો પ્રાગટ્યદિન ધામધૂમથી ઊજવ્યો. ૨૩ માર્ચ ૨૦૨૪, સંતભગવંત સાહેબજીના તારીખ મુજબના ૮૫મા પ્રાગટ્યદિને સભા પ્રારંભે સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરી ભક્તિ અદા કરી. જૈમિતભાઈ અને બંસરીબહેને સમગ્ર ઉત્સવનું સુકાન અને સંચાલન સંભાળ્યું. યુવાનો-યુવતીઓએ સુંદર સુશોભન કરી ભક્તિ અદા કરી. ભાવિનભાઈ, શીતલભાઈ, રીતુબહેન અને પરિતાબહેને અદ્‌ભુત મહિમાગાન કરી સંતભગવંત સાહેબજીનાં દિવ્ય જીવન અને ગુણોનું દર્શન કરાવ્યું. તે દિવસે હોળીની પણ ઉજવણી કરવામાં આવી, જેનો સૌએ ભેગાં મળીને અલૌકિક આનંદ માણ્યો. ગુરુહરિની સ્મૃતિમાં ગરકાવ થઈ સૌએ અંતરની ભક્તિ અદા કરી. ◆

**સાન ફ્રાન્સિસ્કો :** સાન ફ્રાન્સિસ્કોના નોર્થ કૅલિફૉર્નિયા મંડળના ભક્તોએ ૨૩ માર્ચ ૨૦૨૪ના રોજ સંતભગવંત સાહેબજીના ૮૫મા પ્રાગટ્યપર્વની અત્યંત ઉમંગપૂર્ણ ઉજવણી કરી. 'કૌન બનેગા અનુપમી' થીમ પર પ્રશ્નોત્તરીના વિશિષ્ટ કાર્યક્રમ દ્વારા સંતભગવંત સાહેબજી અને અનુપમ મિશનનાં દિવ્ય કાર્ય અને મહિમાની ઝાંખી કરાવાઈ. બાળકોના વિભાગનું સંચાલન તપસ પટેલ અને વડીલોના વિભાગનું સંચાલન વિકીભાઈ રાણાએ કર્યું. સંતભગવંત સાહેબજી, અષ્ટ સદ્‌ગુરુ સંતો અને અનુપમ મિશન વિશે પ્રશ્નો પૂછી, તેના ઉત્તરો મેળવી, જે તે પ્રશ્ન-ઉત્તરના સંદર્ભે વિસ્તારથી મહિમા વર્ણવીને ઉપસ્થિત સૌને તેઓનાં દિવ્ય કાર્ય, અનુપમ મહિમા અને ગૌરવવંતા ઈતિહાસથી વાકેફ કર્યાં. બાળકો, યુવાનો, વડીલોએ સંપ, સુહૃદભાવ અને એકતાના સંદેશને કીર્તનગાન, નૃત્ય સંયોજન અને આ પ્રશ્નોત્તરીના વિશિષ્ટ કાર્યક્રમમાં વણી લઈને અદ્‌ભુત ઉજવણી કરી. સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા અને પૂ. મનોજદાસજીએ ફોન દ્વારા આશીર્વાદ પાઠવી સૌની સેવા-ભક્તિને બિરદાવી. છાયાબહેન, ભાવેશભાઈ, ચેતનભાઈની આગેવાની અને માર્ગદર્શન હેઠળ આ સમગ્ર કાર્યક્રમ યોજાયો, જેને સ્થાનિક મંડળના ભક્તોએ માણ્યો અને યથાર્થ મહિમા દૃઢ કર્યો. ◆

*** મૅરીલૅન્ડ :** અમેરિકાના મૅરીલૅન્ડ મંડળમાં સંતભગવંત સાહેબજીના ૮૫મા પ્રાગટ્યપર્વ તથા અનુપમ મિશનના રત્નસમાન સાધુ પૂ. નરેન્દ્રદાસજીના અમૃતપર્વની ઉજવણી ૧૦ માર્ચના રોજ કરવામાં આવી. સાધુ પૂ. નરેન્દ્રદાસજી, પૂ. અરવિંદદાસજી અને પૂ. યોગેશદાસજીની દિવ્ય





અમેરિકાના સાન ફ્રાન્સિસ્કો અને મૅરીલૅન્ડ ખાતે સંતભગવંત સાહેબજી પ્રાગટ્યપર્વની ભક્તિભાવપૂર્ણ ઉજવણી

ઉપસ્થિતિમાં આ મહાપર્વ ખૂબ ભક્તિભાવપૂર્વક ઉજવાયો. અરમાન, રુહાન અને સાયોનીએ સાહેબદાદાના બાળપણના પ્રેરણાદાયી પ્રસંગો કાલીઘેલી ભાષામાં વર્ણવી ભક્તિ અદા કરી. મિહિરભાઈ અને રોનકભાઈએ ભજનોની રમઝટ બોલાવી સૌને ભજન-ભક્તિમાં તરબોળ કર્યાં. મિહિરભાઈ, વિશ્વાબહેન, મનીષભાઈ તથા મીનેશભાઈએ 'સત્પુરુષ ભક્તોના જીવનમાં કેવું પરિવર્તન લાવે છે' તે વિશે પોતાના જીવનના મનનીય પ્રસંગો જણાવી મહિમાગાન કર્યાં. ત્યારબાદ સભામાં પધારેલ દરેક હરિભક્તે વારાફરતી તેઓને સ્પર્શેલા સંતભગવંત સાહેબજીના એક એક ગુણ વિશે વાત કરી તેઓના અનંત ગુણોનું દર્શન કરાવ્યું. સાધુ પૂ. અરવિંદદાસજીએ સાધુ પૂ. નરેન્દ્રદાસજીના માહાત્મ્યનું વર્ણન કરીને તેઓની નિષ્કામભક્તિને બિરદાવી અને સંતભગવંત સાહેબજીએ વરસાવેલા અસ્ખલિત પ્રેમનું વર્ણન પોતાના જીવન- અનુભવોની સ્મૃતિ કરાવીને કર્યું. અતુલભાઈ, સુસ્મિતભાઈ, આશિષભાઈ તથા દર્શનભાઈએ સાધુ પૂ. નરેન્દ્રદાસજીને વિશિષ્ટ પુષ્પહાર, ખેસ તથા શાલ ઓઢાડી અભિવાદન કર્યાં. સાધુ પૂ. નરેન્દ્રદાસજીએ આશીર્વાદ પાઠવતાં શ્રી ઠાકોરજી અને ગુરુહરિ સાહેબદાદાના ચરણોમાં પ્રાર્થનાભાવ ધરી આશિષયાચના કરી. રાજવીબહેને આ પ્રસંગે પધારેલા સૌ સંતો, રિચમંડ તથા મૅરીલૅન્ડ મંડળના ભક્તોનો હૃદયપૂર્વક આભાર માન્યો. આ દિવ્ય સ્મૃતિ વાગોળતાં સૌ સહજ આનંદની અનુભૂતિ સાથે વિસર્જિત થયાં. ◆

*** અમદાવાદ :** ૩૧ માર્ચ ૨૦૨૪, રવિવારના રોજ ઉપાસના ધામ, અમદાવાદ ખાતે સંતભગવંત સાહેબજીના ૮૫મા પ્રાગટ્યપર્વની ઉજવણી સાથે વિશિષ્ટ કીર્તન આરાધનાનું આયોજન થયું. આ પ્રસંગે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાનું દિવ્ય સાંનિધ્ય પ્રાપ્ત થયું. સમગ્ર ઉત્સવનું સંચાલન અને વ્યવસ્થાપન યુવાનો દ્વારા કરવામાં આવ્યું. યુવાનો દ્વારા પ્રસ્તુત કીર્તન આરાધના - 'અમારી આંખે સાહેબદાદા'ની થીમ અંતર્ગત સંતભગવંત સાહેબજીના તેજસ્વી મુખારવિંદ, દિવ્ય તિલક-ચાંદલો, કરુણાસભર દૃષ્ટિ, મનોહર સ્મિત અને પાવન ચરણ જેવા ભાવ પર કીર્તનો રજૂ કરાયાં. વીરેનભાઈ, નેતિબહેન અને સાધુ પૂ. સતીશદાસજીએ મહિમાગાન કરી સુશોભનના ભાવ, યુવાનોની ભક્તિ અને સંતભગવંત સાહેબજીના દિવ્ય સ્વરૂપની ઝાંખી કરાવી. પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ પ્રદાન કરી સૌને સત્સંગના સુખે સુખી થવાનાં માર્ગદર્શન આપ્યાં તેમજ સાહેબજીનાં દિવ્ય જીવન અને કલ્યાણકારી કાર્યની માહાત્મ્યસંપન્ન અનુભૂતિ કરાવી. ◆

*** સહજાનંદ કલાસાધના તીર્થ :** અનુપમ મિશન સંચાલિત યોગી વિદ્યાપીઠ પ્રેરિત સહજાનંદ કલાસાધના તીર્થના કલાસાધકો દ્વારા સંતભગવંત સાહેબજીના ૮૫મા પ્રાગટ્યપર્વની સંગીતમય ઉજવણી ૧ એપ્રિલ ૨૦૨૪ના રોજ કરવામાં આવી. સંતભગવંત સાહેબજીના પ્રત્યક્ષ સાંનિધ્યે 'પારમિતા' સભાખંડમાં સંગીત અને નૃત્યનું પ્રશિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓએ ગાયન, વાદન અને નૃત્યકલાની હૃદયસ્પર્શી પ્રસ્તુતિ દ્વારા સંતભગવંત સાહેબજીના પ્રાગટ્યપર્વે આનંદ રેલાવ્યો. આ વિદ્યાર્થીઓએ જાતે બનાવેલ કલાત્મક સ્મૃતિભેટ પણ સંતભગવંત સાહેબજીને અર્પણ કરી ભક્તિ અદા કરી. સૌ કલાસાધકોના ભાવ સ્વીકારી સંતભગવંત સાહેબજીએ પ્રસન્નતા વરસાવી. સાધુ પૂ. પીટરદાસજીએ સૌની કલાભક્તિની સરાહના કરી. ૧ એપ્રિલ એટલે અ.નિ. સદ્‌ગુરુ સાધુ પૂ. વિઠ્ઠલદાદાનો પ્રાગટ્યદિન અને અક્ષરધામગમનદિન ! તે નિમિત્તે સાધુ પૂ. પંકજદાસજીએ સુંદર માહાત્મ્યદર્શન કરાવ્યું. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ વરસાવ્યા અને 'સહજાનંદ કલાસાધના તીર્થ'ના માર્ગદર્શક સાધુ પૂ. તુષારદાસજી, નિખિલભાઈ અને તેઓના વિદ્યાર્થીઓની કલાભક્તિને બિરદાવી. આ પ્રસંગે વાલીગણ, આમંત્રિત મહેમાનો તેમજ સ્થાનિક મંડળના અક્ષરમુક્તોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી દિવ્ય આનંદની અનુભૂતિ કરી. ◆



ઉપાસના ધામ, અમદાવાદ મંદિરે સંતભગવંત સાહેબજી પ્રાગટ્યપર્વ



'સહજાનંદ કલાસાધના તીર્થ'ના કલાસાધકો દ્વારા સાહેબજી પ્રાગટ્યપર્વે ભક્તિ અર્પણ





સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

**વચનામૃત ગઢડા પ્રથમ ૩૪ : 'ભગવાને કળ ચઢાવ્યાનું'નું નિરૂપણ**

**૯ જાન્યુઆરી ૨૦૨૪, 'અક્ષરમહોલ', બ્રહ્મજ્યોતિ, મોગરી**

**શ્રીજીમહારાજ બોલ્યા જે, કીર્તન રાખીને પ્રશ્ન-ઉત્તર કરો. પછી બ્રહ્માનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, સર્વ સુખના ધામ અને સર્વ થકી પર એવા પરમેશ્વર છે તેમાં જીવની વૃત્તિ ચોંટતી નથી અને માયિક એવાં જે નાશવંત તુચ્છ પદાર્થ તેમાં જીવની વૃત્તિ ચોંટી જાય છે તેનું શું કારણ છે ?**

બ્રહ્માનંદ સ્વામી પ્રશ્ન પૂછે છે, જગતમાં માનવે જે સુખ માન્યાં છે, એ સર્વ સુખ જ્યાંથી પ્રાપ્ત થાય છે એ સુખના ધામ અને સર્વ થકી પર પરમેશ્વર છે, છતાં પણ એવા પરમેશ્વરમાં જીવની વૃત્તિ ચોંટતી નથી અને માયિક તુચ્છ પદાર્થો – ખાવું-પીવું, હરવું-ફરવું, સ્ત્રી-ધન, માન-મોટપ એમાં જીવની વૃત્તિ કેમ ખેંચાઈ જાય છે ?

**પછી તેનો ઉત્તર મુક્તાનંદ સ્વામી કરવા લાગ્યા પણ થયો નહીં. ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, એ પ્રશ્નનો ઉત્તર સાંભળો, અમે કરીએ છીએ જે, જે દિવસથી પરમશ્વરે આ જગતની સૃષ્ટિ કરી છે તે દિવસથી એવી કળ ચડાવી મૂકી છે જે ફરીને પરમેશ્વરને દાખડો કરવો પડે નહીં અને સંસારની જે વૃદ્ધિ કરવી તે પોતાની મેળે જ થયા કરે, એવો ફેર ચડાવી મૂક્યો છે. તે માટે સહજે જ સ્ત્રીમાં પુરુષને હેત થાય છે ને પુરુષમાં સ્ત્રીને હેત થાય છે અને એ સ્ત્રીથી ઊપજી જે પ્રજા તેમાં પણ સહજે જ હેત થાય છે.**

મહારાજ કહે, એવી કળ ચઢાવી દીધી છે. એક વખત પૃથ્વીનું ને જીવસૃષ્ટિનું સર્જન કર્યું પછી એ વારંવાર કરવું ના પડે. જેને કહ્યું ને કે, આસક્તિ-ડિઝાયર – પુત્રેષણા, લોકેષણા, વિત્તેષણા; એને લઈને માણસ ચોર્યાસી લાખ જન્મો લીધા કરે છે, જન્મ-મરણના ચકરાવામાં ફર્યા કરે છે. આકર્ષણ એકબીજાંનું છે – સ્ત્રીને પુરુષનું આકર્ષણ અને પુરુષને સ્ત્રીનું આકર્ષણ. અને સ્ત્રી-પુરુષને ધનનું, ખાવા-પીવાનું, હરવા-ફરવાનું આકર્ષણ; આ બધાંમાં વધારે વૃત્તિ ચોંટી જાય, જ્યારે મંદિરમાં, શ્રી ઠાકોરજીમાં, સંતોમાં પરાણે વૃત્તિ ચોંટાડવી પડે.

જેમ, સરકારે રેલવે ડિપાર્ટમૅન્ટ શરૂ કર્યું, પછી રેલવે મિનિસ્ટરે રેલવે ઍન્જિન ચલાવવા ના આવવું પડે. એની વ્યવસ્થા પ્રમાણે બધી ટ્રેનો ચાલ્યા કરે, ટાઈમસર ઊપડે ને જાય ! કરોડો માણસોની હેરાફેરી થાય છે, પણ કોઈ મિનિસ્ટરને રેલવે સ્ટેશન પર કે ઍરપૉર્ટ પર ટ્રેન કે પ્લેન સમયસર બરાબર જાય છે કે નથી જતું એવી વ્યવસ્થા કરતા જોયા છે ? એની વ્યવસ્થા જ એવી ગોઠવી હોય છે કે, તે સમયસર આવે અને જાય. જો સામાન્ય માણસોએ પોતાની બુદ્ધિથી આટલી બધી વ્યવસ્થા ઊભી કરી છે, તો આ તો સ્વયં ભગવાન છે. એમણે આમાં દખલગીરી ના કરવી પડે એટલે જીવમાં ત્રણ ઈષણાઓ – લોકેષણા, વિત્તેષણા ને પુત્રેષણા મૂકી કળ ચઢાવી દીધી છે, એટલે ભગવાનને એમાં કંઈ કરવું પડતું નથી, સહેજે સહેજે થયા કરે છે.

સ્ત્રીને પુરુષનું આકર્ષણ, પુરુષને સ્ત્રીનું આકર્ષણ છે અને તેમને બંનેને ઉત્પન્ન થયેલ પ્રજાનું આકર્ષણ છે; એને લઈને જન્મ-મરણના ચકરાવામાં ફર્યા કરે છે. જેમ કે, કોઈને દીકરાની આસક્તિ બહુ હોય અને એ મરી જાય તો પછી એ ઘરમાં જ દીકરાને ત્યાં દીકરો થઈને આવે. આમ બધાં ચકરાવામાં એવાં ફરતાં હોય છે. એમાં ભગવાનના સંબંધમાં આવી જાય, સત્પુરુષની દૃષ્ટિમાં આવી જાય તો પછી એનું બધું બદલાઈ જાય. ભગવાનનો સંબંધ થાય, ભગવાનનું દર્શન થાય, ભગવાનની સેવા થઈ જાય તો પછી એ ચકરાવામાંથી બહાર નીકળી જાય.

**તે એ હેતરૂપી જ ભગવાનની માયા છે. તે માયાના પ્રવાહમાં જે ન વહે તેની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં રહે છે.**

એટલે કહ્યું, 'ચિત્ત કી વૃત્તિએક હે, ચાહે હરિભજનમાં લગાવ, ચાહે વિષય કમાવ...' ભગવાન ભુલાવે એ વિષય, યાદ રાખો ! જેનાથી ભગવાન ચુકાઈ જાય, ભગવાનની આજ્ઞા ચુકાઈ જાય, ભગવાનનું ભજન ચુકાઈ જાય, ભગવાનના થઈને જીવન જીવવાનું ચુકાઈ જાય એ વિષય. જો હેતને

લઈને ચુકાઈ જાય તો એ હેત વિષય છે. પણ એ હેત જો ભગવાનને વિશે થઈ જાય, સંતને વિશે થઈ જાય તો આખો ચાર્ટ બદલાઈ જાય. એટલે ભગવાને માનવરૂપ ધારણ કર્યું. શ્રી રામ રૂપે આવ્યા, શ્રી કૃષ્ણ રૂપે આવ્યા, શ્રી સ્વામિનારાયણ ભગવાન રૂપે આવ્યા. શ્રી રામ રૂપે આવ્યા તો વાનરોને ભગવાન શ્રી રામને વિશે હેત થઈ ગયું તો વાનરો વૈકુંઠના અધિકારી થઈ ગયા. એમણે શું સાધન કર્યાં ? હૂપાહૂપ-કૂદાકૂદ કરતા હતા. ભગવાનનો અભિપ્રાય આસુરી શક્તિનો નાશ કરવાનો હતો, તો એમણે તો કંઈ ના કર્યું, ભગવાને જ બધાનો નાશ કર્યો, પણ ભગવાનના કાર્યમાં પોતે ભળી ગયા તો ભગવાન રાજી થઈ ગયા; તો બધાંમાંથી આસક્તિરહિત કરીને વૈકુંઠના અધિકારી બનાવી દીધા.

શ્રી કૃષ્ણ પરમાત્માને વિશે ગોપીઓને હેત થયું. ગોપીઓની આસક્તિ કંઈ ટળી નહોતી, પણ શ્રી કૃષ્ણ પરમાત્માને વિશે અસાધારણ પ્રેમ થઈ ગયો, શ્રી કૃષ્ણની સતત સ્મૃતિ તેમને થયા કરે. એમને સ્મૃતિ થાય એવી મૂર્તિઓ શ્રી કૃષ્ણ ભગવાને એમને બધાંને આપી. એમની સાથે રહ્યા, પ્રેમ કર્યો અને એને લઈને સ્મૃતિઓમાં ગોપીઓ ગળાડૂબ રહી તો સ્ત્રીપણાનો ભાવ છૂટી ગયો અને ગોલોકનાં અધિકારી બની ગયાં.

એમ, કાઠી, કોળી, કણબી, સઈ, સુથાર, લુહાર, મોચી, દરજી, કુંભાર આ બધાને તમે જુઓ તો તેઓ શું ભણેલા હતા ? કશી ખબર નહોતી ? કાઠીઓને મહારાજે એકાદશીનું વ્રત કરવાનું કહ્યું કે, 'પંદર દિવસે એક ઉપવાસ કરો.' બે-ત્રણ એકાદશીના ઉપવાસ કર્યા એમાં તો તેઓ અમળાઈ ગયા. તેમનાથી ભૂખ્યા જ ના રહેવાય. એકાદશીને તેઓ માણસ-મારણી કહેતા. મહારાજ કહે, 'એમ કરો, બહુ ભૂખ લાગે છે, રહેવાતું નથી તો રાજગરાનો શીરો ને રાજગરાનું બધું બનાવીને ખાવ.' એકાદશીએ ફરાળ મહારાજે શરૂ કરાવ્યું. બે-ચાર એકાદશીએ આ બધું ખાધું પછી મહારાજને કહે, 'રાજગરો ને બધું રહેવા દઈ, 'રા'ને બદલે 'બા' કરી બાજગરો કરી દો – બાજરીનો રોટલો. કાઠીઓ આવા હતા. ભૂખ્યા પણ ના રહી શકે ને નિયમ-ધરમ પાળવામાં ચુકાઈ જાય. પણ શ્રીજી મહારાજ સાથે અસાધારણ હેત હતું, મહારાજને ભગવાન માનીને એમની સાથે હેતથી જોડાયા હતા અને પરમહંસોની સાથે રહીને સેવા-ભક્તિ કરી તો અક્ષરધામના તેઓ અધિકારી થઈ ગયા.

યુવાનો એ વાનરસેના કહેવાય. પણ એવા બધા યુવાનો યોગીજી મહારાજ સાથે અસાધારણ હેતથી જોડાયા. બધા હોનહાર યુવાનો હતા. આપણામાં જોઈએ તો, વી.એસ., સનંદભાઈ, અશ્વિનભાઈ, શાંતિભાઈ, રતિભાઈ, મહંત સ્વામી, ડૉક્ટર સ્વામી, હરિપ્રસાદ સ્વામી, ગુરુજી, પ્રેમ સ્વામીથી લઈને બધા યુવકોમાંથી ઘણાને સાધુ થવું નહોતું, ભગવાન ભજવા નહોતા, પણ યોગીજી મહારાજ સાથે અસાધારણ હેત હતું અને બાપાએ પણ એટલો પ્રેમ આપ્યો તો સતત બાપાની સ્મૃતિમાં રહેતા થયા તો તેમને સંસાર છોડવો ના પડ્યો, છૂટી ગયો. જે હેત વિષયમાં ખેંચી જાય છે એ હેત વિષય છોડીને જો ભગવાનમાં થઈ જાય તો પછી અક્ષરધામનું સુખ ભોગવતા કરી દે. તો ભગવાન અને સત્પુરુષને વિશે એવું હેત થવું જોઈએ.

શાસ્ત્રીજી મહારાજે અક્ષરપુરુષોત્તમની ઉપાસના પ્રવર્તાવી કલ્યાણનો અને દેહભાવથી પર થઈ ભગવાનના ધામનો આનંદ પ્રાપ્ત કરવાનો અદ્ભુત રાજમાર્ગ ખુલ્લો કર્યો કે સંસાર છૂટી જાય. ભરત રાજાને વૈરાગ્ય થઈ ગયો તો રાજપાટ, રાણીઓ, કુંવર ને બધું છોડી દીધું, પણ અંદરના આત્મા સાથે જોડાયેલાં દયા, હેત, માયા, પ્રીતિ એ બધું છૂટ્યું નહોતું; કારણ કે, પ્રગટ ભગવાન મળ્યા નહોતા, તો મૃગલા સાથે બંધાયા ને મૃગલાનો અવતાર લેવો પડ્યો. જ્યારે આ યુવાનોને સંસારમાં રહેવા છતાં બધાનો સંસાર છૂટી ગયો. કારણ કે, ભગવાન સાથે હેત થયું, યોગીજી મહારાજ સાથે હેત થયું. યુવાનો ભણેલા-ગણેલા, ટૅલેન્ટેડ હતા, તેઓને બધી જ પ્રકારનાં પ્રલોભનો, આકર્ષણો હતાં, પણ ભગવાનના થઈને જીવન જીવવામાં, ભગવાનને અર્થે સમર્પિત થવામાં એમને કશું આડું આવ્યું નહીં. સત્પુરુષ સાથે પ્રેમ થઈ ગયો તો જગતની બધી આસક્તિઓ છૂટી ગઈ, યાદ રાખો ! સત્પુરુષને વિશે અસાધારણ હેત હોવું જોઈએ; એ કહે છે મહારાજ.

**માટે જે ભગવાનનો ભક્ત હોય તે માયિક પદાર્થને વિષે દોષબુદ્ધિ રાખીને વૈરાગ્યને પામે.**

સત્પુરુષ સાથે પ્રેમ થઈ ગયો
તો જગતની બધી આસક્તિઓ છૂટી ગઈ,
યાદ રાખો !





**ભગવાન સિવાય બીજે કોઈ જગ્યાએ રાગ નહીં
એ વૈરાગ્ય અને
મારા પ્રભુને ના ગમે એવું
મારા જીવનમાં કાંઈ રાખવું જ નથી
એ માયિક પદાર્થને વિશે દોષબુદ્ધિ.**

વૈરાગ્ય શું ? તો મારા પ્રભુને ના ગમે એવું મારે કંઈ કરવું નથી. મારા પ્રભુને ના ગમે એવો કોઈ સંગ રાખવો નથી. મારા પ્રભુને ના ગમે એવી કોઈ જગ્યાએ મારે જવું નથી, ઊઠવું-બેસવું નથી. વૈરાગ્ય એટલે ભગવાન સિવાય કોઈ જગ્યાએ રાગ ના થાય. જગતમાં વૈરાગ્યની વ્યાખ્યા શું છે ? સંસાર છોડી દીધો, ખાવાનું ના જોઈએ, કપડાં ના જોઈએ, કાંઈ જોઈએ નહીં એટલે કહે, વૈરાગી છે. ભભૂતી લગાવીને બેસે છે, કાંઈ જોઈતું નથી. એ વૈરાગ છે, એની ના નથી; પણ જે બૃહદ વૈરાગ – સાધુને 'less luggage more comfortable' તો હોવું જ જોઈએ. પ્લેન કે ટ્રેનમાં તમે જેટલો ઓછો સામાન લઈને મુસાફરી કરશો એટલી તમને મુસાફરી સુખદાયક રહેશે, મુસાફરીનો આનંદ મળશે. એમ સાધુ 'જ્યાં-ત્યાં, જેવું-તેવું, જેમ-તેમ ચલાવી લે. તેને જ્યાં રાખો ત્યાં રહે, જ્યાં મૂકો ત્યાં બેસે. ખાવા-પીવામાં બધાંમાં ઓછામાં ઓછી ટેવો અને વધુમાં વધુ સેવા. ઓછામાં ઓછી જરૂરિયાતો હોય. શરીર ઢાંકવા કપડાં, ઠંડીમાં સ્વૅટર-ટોપી જોઈએ એવું બધું હોય, પણ એની પળોજણમાં ટાઈમ ના જાય.

યોગીબાપા સાધુઓ માટે એટલે કહેતા કે, 'ઓછામાં ઓછી જરૂરિયાતો અને ઓછામાં ઓછી ટેવો હોય તો વધુમાં વધુ ભગવાનમાં રહેવાશે, વધુમાં વધુ ભગવાનના ભક્તોની સેવા થશે, વધુમાં વધુ સ્વાધ્યાય ને ધૂન-ભજન-પ્રાર્થના થશે.' આપણે આવું રાખવાનું. અને ભગવાન ને ભગવાનના ભક્તો એ આપણા માટે બહુ અગત્યના ! ભગવાનને ભુલાવે એ વિષય અને ભગવાનથી દૂર લઈ જાય એવો સંગ એ કુસંગ કહેવાય; આ આપણે સમજી રાખીએ. ભગવાન સિવાય બીજે કોઈ જગ્યાએ રાગ નહીં એ વૈરાગ્ય અને મારા પ્રભુને ના ગમે એવું મારા જીવનમાં કાંઈ રાખવું જ નથી એ માયિક પદાર્થને વિશે દોષબુદ્ધિ. જગતની રીતે આ છોડ્યું-તે છોડ્યું-પેલું છોડ્યું ; એ વૈરાગ છે, પણ સાચો વૈરાગ્ય તો મારા ભગવાનને ના ગમે એવી કોઈ વાતનો મારે સ્વીકાર નથી, એવા કોઈની સાથે સંગ નથી, એવું કંઈ ખાવું-પીવું નથી, એવું કંઈ જોવું-બોલવું-કરવું નથી; એવું જે અંદરથી સહજ થાય એ બૃહદ વૈરાગ ! અને એટલે નિષ્કુળાનંદ સ્વામીએ ગાયું, 'ત્યાગ ના ટકે રે વૈરાગ્ય વિના, કરીએ કોટિ ઉપાય જો...' સાચો ત્યાગ એ જ ટકે કે જેને આવો બૃહદ વૈરાગ્ય હોય. ભક્તોને વિશે અસાધારણ પ્રેમ રાખવાનો જ છે, યાદ રાખો ! પણ એ ભગવાનના છે એટલે, ભક્ત છે એટલે. બીજા ગમે તેટલા સારા હોય, પણ ભગત ના હોય તો એમને વિશે હેત ના થવું જોઈએ. ભગવાનના ભક્તો ને ભગવાનના સંતોને વિશે પ્રેમ થવો જોઈએ, તો એ અક્ષરધામનો પ્રેમ કહેવાશે. બાકી તો પ્રેમનું અંગ હોય તો ભગતમાંય પ્રેમ થાય ને કુસંગમાંય પ્રેમ થાય, પણ એ ખોટા વિષયમાં લઈ જશે.

**અને જો માયિક પદાર્થને વિષે વૈરાગ્ય ન રાખે ને ભગવાનના સ્વરૂપથી જુદા પડે તો શિવ, બ્રહ્મા અને નારદાદિક એ જેવા સમર્થ મુક્ત હોય તે પણ માયિક પદાર્થમાં તણાઈ જાય છે. તેટલા માટે ભગવાનને મૂકીને માયિક પદાર્થનો સંગ કરે તો જરૂર તેમાં જીવની વૃત્તિ ચોંટી જાય. તે સારુ પરમેશ્વરના ભક્તને પરમેશ્વર વિના બીજે ઠેકાણે પ્રીતિ રાખવી નહીં.**

ભગવાનને ના ગમે, ભગવાન રાજી ના થાય એવી કોઈ જગ્યાએ સાંધો આપણાથી રખાય જ નહીં, એવી જગ્યાએ ઊઠબેસ નહીં કરવી. અમહિમા-ભાવફેર કરતા હોય એવાનો સંગ રખાય જ નહીં, એવાના સંગમાં બેસાય જ નહીં, એવાની વાત વિશ્વાસે કરીને મનાય જ નહીં.

બાપા વખતે ઘણા યુવકો હતા. એક યુવક હતો નાનો હતો ત્યારથી એને સ્ત્રીની આસક્તિ જ નહીં, કોઈના માટે પ્રેમ જ નહીં. પણ એ કુસંગમાં આવી ગયો, ભાવફેર-માથાકૂટમાં પડી ગયો તો સાધુ થયેલો પાછો સંસારમાં આવીને પરણી ગયો. પણ સત્પુરુષ સાથે અસાધારણ હેત હોય, ભગવાનને રાજી કરવાનો ભાવ હોય અને કુસંગ-વ્યસન તો મારાથી થાય જ નહીં, એવું લઈને મંડ્યા તો ઘણા પરણેલા હતા તે યુવાનો પણ સાધુ થઈ ગયા. આપણી સાથે વી.એસ., રતિકાકા ને બધાને તમે જુઓ, તેઓ સદ્‌ગુરુની પંક્તિમાં આવી ગયા. કેવા શૂરવીર યુવાનો કહેવાય ! મારા ભગવાનને ના ગમે, મારા ગુરુને ના ગમે એવી કોઈ વસ્તુમાં અમારે પડવું નથી એવી શૂરવીરતા રાખી તો સંસારમાં ગયેલા પણ સંસારથી બહાર નીકળી સાધુ થઈ ગયા. અને સંસાર છોડીને ભગવાન પાસે આવી સાધુ થયેલા પણ જો કુસંગમાં ફસાયા

તો સંસારી થઈ ગયા. એટલે મહારાજ કહે છે કે, જેવું હેત તમને ભગવાન ને સાધુને વિશે છે એવું ને એવું હેત પાછું વિષયમાં ને ચીજ-વસ્તુ-પદાર્થોમાં ના થવું જોઈએ. કારણ કે, એ વસ્તુ અભાવ લેવડાવે છે. ચીજ-વસ્તુ બીજાને મળે અને તમને ના મળે તો સત્પુરુષને વિશે ભાવફેર કરાવે, ભક્તોને વિશે ભાવફેર કરાવે એ રાગ કહેવાય, વિષય કહેવાય.

કોઈ વસ્તુને કારણે ભાવફેર ના થાય એવું નથી, પણ ત્યારે સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... પ્રાર્થના કરીને જાગ્રત થવું પડે કે, આ મને જે ભાવફેર કરાવે છે એ મારો કોઈક દેહભાવ છે ને એ દેહભાવ દેખાડવા ભગવાન આવું ગતકડું કરે છે. આને આપવું-આને ના આપવું, આને લઈ જવો-આને ના લઈ જવો એવો કોઈ વહેરોઆંતરો એમને નથી, કોઈ પક્ષાપક્ષી નથી; એમને બધાંને સુખ આપવું છે. પણ સુખ આપતાં પહેલાં ચીજ-વસ્તુ-પદાર્થો દ્વારા તમને શેમાં આસક્તિ છે એનું દર્શન કરાવવા ને આસક્તિ છોડાવવા માટે તમને ભજન કરાવે. જો આસક્તિને લઈને ભાવફેર થાય ને જો ભજન ના કરીએ તો એ ભાવફેર ગાઢો થાય તો મુઝવણ આવે, તકલીફ થાય, દુઃખ આવે. તો સાધુઓ ને ભક્તોએ જાગ્રતતા એ રાખવાની કે, કોઈ પણ સંજોગોમાં, કોઈ પણ પરિસ્થિતિમાં સંતોને વિશે ને ભક્તોને વિશે ભાવફેર ના થવો જોઈએ; તો વિષયથી બહાર નીકળી ગયા કહેવાઈશું.

**પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, હવે મુક્તાનંદ સ્વામીને પ્રશ્ન કર્યાનો વારો આવ્યો તે પ્રશ્ન કરો. પછી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, જીવને ભગવાનની પ્રાપ્તિ થવી તે અતિ દુર્લભ છે. અને ભગવાનની પ્રાપ્તિ થઈ ત્યારે એથી બીજો મોટો લાભ પણ નથી ને તેથી આનંદ પણ બીજો નથી, તે એવા મોટા આનંદને મૂકીને તુચ્છ પદાર્થ માટે કેમ કલેશને પામે છે? એ પ્રશ્ન છે.**

ભગવાનની પ્રાપ્તિ અતિ દુર્લભ છે. એ દુર્લભ વસ્તુ આપણને મળી છે પણ એના આનંદને મૂકીને તુચ્છ પદાર્થને માટે કલેશને પામે છે. મને આ મળ્યું-આ ના મળ્યું, આને આ આપ્યું-મને ના આપ્યું, આને લઈ ગયા-મને ના લઈ ગયા, આને આગળ બેસાડ્યો-મને પાછળ બેસાડ્યો; આવું બધું જે થાય છે એ દેહભાવની નિશાની છે. અને એના લીધે કલેશ થાય. યાદ રાખો, ચીજ-વસ્તુ-પદાર્થને લીધે કલેશ નથી થતો, પણ ચીજ-વસ્તુ-પદાર્થની આસક્તિને લીધે સત્પુરુષને વિશે ને ભક્તોને વિશે જે ભાવફેર થાય છે એ કલેશ કરાવે છે.

**ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, લ્યો, એનો ઉત્તર અમે કરીએ જે, પરમેશ્વરના વચનને મૂકીને જ્યારે આડો-અવળો ડોલે છે ત્યારે કલેશને પામે છે. અને જો વચનને વિષે રહે તો જેવો ભગવાનનો આનંદ છે તેવા આનંદમાં રહે છે. અને જેટલું જે ભગવાનનું વચન લોપે છે તેટલો તેને કલેશ થાય છે.**

ભગવાનની આજ્ઞા લોપે, ભગવાનની આજ્ઞા છે : નિયમ-ધર્મમાં રહીને ભક્તિ કરવી. ભગવાને 'શિક્ષાપત્રી'માં આપેલા નિયમ, ગુરુએ આપેલા નિયમ પાળવાને બદલે પોતાની રીતે મનમુખી જ્યારે વર્તે છે ત્યારે કલેશને પામે છે. જેટલી આજ્ઞા લોપાય છે એટલી એને તકલીફ આવે છે, દેહભાવ એને દુઃખી કરે છે. પોતાના દેહભાવને લીધે આજ્ઞા લોપે છે. પોતાનું મનધાર્યું કરે એ આજ્ઞા લોપી કહેવાય.


**માટે ત્યાગીને જે જે આજ્ઞા કરી છે તે પ્રમાણે ત્યાગીને રહેવું અને ગૃહસ્થને જે પ્રમાણે આજ્ઞા કરી છે તે પ્રમાણે ગૃહસ્થને રહેવું ને તેમાં જેટલો ફેર પડે છે તેટલો કલેશ થાય છે.**

મહારાજે 'શિક્ષાપત્રી' અને 'વચનામૃત'માં આજ્ઞા કરી કે, ત્યાગીને ત્યાગીના નિયમ પ્રમાણે રહેવું અને ગૃહસ્થોએ ગૃહસ્થના નિયમ પ્રમાણે રહેવું. એ આજ્ઞા પાળીએ તો આનંદ રહે અને ભગવાનનું સુખ, આવે આવે ને આવે જ.

**અને ત્યાગી હોય તેને અષ્ટ પ્રકારે સ્ત્રીનો ત્યાગ રાખવો ત્યારે તેનું બ્રહ્મચર્ય વ્રત પૂરું કહેવાય ને તેમાંથી જેને જેટલો ફેર પડે તેટલો કલેશ થાય છે.**

ગઢડા પ્રકરણના પહેલા 'વચનામૃત'માં કહ્યું, મનની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં અખંડ રાખવી, એ સાચું બ્રહ્મચર્ય છે. એ બ્રહ્મચર્યમાં ખામી ક્યાં

જાગ્રતતા એ રાખવાની કે,
કોઈ પણ સંજોગોમાં, કોઈ પણ પરિસ્થિતિમાં
સંતોને વિશે ને ભક્તોને વિશે ભાવફેર ના થવો જોઈએ;
તો વિષયથી બહાર નીકળી ગયા કહેવાઈશું.





**મનની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં અખંડ રાખવી, એ સાચું બ્રહ્મચર્ય છે.**

આવે ? તો સ્ત્રીની આસક્તિ, ધનની આસક્તિ હોય અને એના વિશે તમારી વૃત્તિ થાય તો મનની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાંથી હટી જાય અને જેના વિશે આસક્તિ હોય એના તરફ વૃત્તિ થાય. એટલે સ્પિરિચ્યુઅલ રીતે મનની વૃત્તિ ભગવાનમાં અખંડ રાખવી એ સ્પિરિચ્યુઅલ બ્રહ્મચર્ય અને ફિઝિકલ રીતે દેહનું પણ બ્રહ્મચર્ય રાખવું, દેહ પણ શુદ્ધ રહેવો જોઈએ.

**અને ગૃહસ્થને પણ બ્રહ્મચર્ય કહ્યું છે જે, પરસ્ત્રીનો ત્યાગ રાખવો તથા પોતાની સ્ત્રીનો પણ વ્રતને દિવસ ત્યાગ રાખવો ને ઋતુ સમે સ્ત્રીનો સંગ કરવો; એ આદિક જે જે ત્યાગીને અને ગૃહસ્થને નિયમ કહ્યા છે તેમાં જેટલો જેને ફેર પડે તેટલો તેને ક્લેશ થાય છે. અને ભગવાનથી જે વિમુખ જીવ હોય તેને જે સુખ-દુઃખ આવે છે તે તો પોતાને કર્મે કરીને આવે છે.**

મહારાજ એ કહે છે કે, નિયમ-ધર્મમાં જેટલો ફેર પડે છે એટલો ક્લેશ થાય છે. ત્યાગીએ ત્યાગીના નિયમ-ધર્મ અને ગૃહસ્થોએ ગૃહસ્થના નિયમ-ધર્મ પાળવા. આપણને ભગવાનનો આશરો છે, પણ જેઓ ભગવાનના આશ્રિત જ નથી, ભગવાનની સન્મુખ નથી-જેને વિમુખ કહેવાય; એવા જીવોને માટે ભગવાન કર્મફળ પ્રદાતા છે. જેવું કર્મ કરે એવું ફળ મળે.

આપણે એક દાખલો જાણીએ છીએ. જરાસંઘે મથુરા ઉપર બે વખત ચઢાઈ કરી પણ જીત્યો નહીં, એટલે હારીને પાછા જતું રહેવું પડ્યું. પછી એને કાળયવન મળ્યો. તે અસુર હતો, બહુ બળવાન હતો. નોર્થમાંથી કાળયવને અને સાઉથમાંથી જરાસંઘે એમ બે બાજુએથી લશ્કરે મથુરા ઉપર ચઢાઈ કરી. શ્રી કૃષ્ણ ભગવાન સુધી પહોંચતાં પહેલાં બેઉ અસુરો ભેગા થઈને મથુરાનો કચ્ચરઘાણ કાઢી નાખે, હજારો માણસો મરી જાય. જ્યારે ભગવાન તો સર્વનું હિત ઇચ્છે, તેથી શ્રી કૃષ્ણ પરમાત્મા મથુરાથી ભાગી નીકળ્યા. સામેના પક્ષે ખબર પડી કે, શ્રી કૃષ્ણ પ્રભુ તો મથુરા છોડીને ભાગી ગયા છે, એટલે તેમને થયું કે, આપણે તો કૃષ્ણને જ મારવા છે તો હવે મથુરા ઉપર ચઢાઈ કરવાનો કોઈ મતલબ નથી. એટલે કાળયવન દસ-બાર સૈનિકોને લઈને શ્રી કૃષ્ણની પાછળ પડ્યો. આગળ શ્રી કૃષ્ણ ભગવાન અને પાછળ કાળયવન. એક ગુફામાં એક ઋષિ ઘણાં વર્ષોથી પદ્માસન વાળી ધ્યાન કરતા હતા. શ્રી કૃષ્ણ પરમાત્મા તે ગુફામાં જઈને ઋષિની પાછળ ગુફામાં સંતાઈ ગયા. પેલો કાળયવન ગુફામાં પેઠો અને બૂમો પાડી. ઋષિ તો ઊંડા ધ્યાનમાં હતા તેથી કંઈ બોલ્યા નહિ એટલે ગુસ્સે થઈને એણે ઋષિની દાઢી ખેંચી. ઋષિ ધ્યાનમાંથી ઊઠી ગયા ને બોલ્યા કે, 'કોણ મૂવો છે ? કોણ બળ્યો છે ?' તેની સાથે જ કાળયવન ભડભડ સળગી ભસ્મ થઈ ગયો. પછી ઋષિ શ્રી કૃષ્ણ ભગવાનને કહે, 'પ્રભુ, તમે તો સમર્થ છો, તમે આને મારી શકત, તો મારા સુધી તેને શું કામ લઈ આવ્યા ?' ત્યારે શ્રી કૃષ્ણ કહે, 'ઋષિ, અમે કર્મફળ પ્રદાતા છીએ, જે જેવું કર્મ કરે તેવું ફળ તેને મળે. આ કાળયવન ગયા જન્મમાં મહાન તપસ્વી માણસ હતો, એની પાસે એટલું બધું પુણ્ય છે કે, અત્યારે જે પાપ કરે છે એના કરતાં અનંતગણાં પાપ કરે, ગમે એટલું અનિષ્ટ વર્તે તો પણ એનું પુણ્ય ખલાસ થાય એવું નહોતું. પણ એણે તમારા જેવા ઋષિને દુભવ્યા એટલે એનું પુણ્ય તળિયાઝાટક થઈ ગયું અને એ ખલાસ થઈ ગયો.

અત્યારે ઘણા સમૃદ્ધિવાનોને જોઈને ઘણાને એમ થાય કે, તેઓ કશું પુણ્યદાન કરતા નથી ને છતાં એમની પાસે આટલા બધા પૈસા છે, સુખસાહ્યબી છે ; પણ ગયા જન્મે તેઓ ઘણાં પુણ્ય કરીને આવ્યા હશે. એ ગયા જન્મનું પુણ્ય તેઓ અત્યારે ભોગવી રહ્યા છે. પણ આ જન્મે જો સત્સંગ નહીં કરે, સંતોની સેવા નહીં કરે તો પછી એ પુણ્ય ખલાસ થઈ જશે એટલે આવતા જન્મે પાછા આંટા-ફેરા કરતા થઈ જશે. એટલે મહારાજે કહ્યું કે, સત્સંગીમાત્રનો ગમે ત્યારે દેહ પડે તો પણ આપણો આવતો જન્મ તો સારામાં સારો મળવાનો, લખી રાખો ! આપણે તો સાધુ થયા સિવાય કશું જોઈતું નથી. ભગવા હૃદયના સાધુ સિવાય કોઈ મોટી ઉપાધિ છે જ નહીં; એટલે મહારાજ કહે છે, સત્સંગી નથી, આશરાવાળા નથી, ભગવાનના ભગત નથી એમને માટે ભગવાન કર્મફળ પ્રદાતા છે. તેઓ જેવું કર્મ કરે એવું પામે.

**અને જે ભગવાનના ભક્ત હોય તેને જેટલું દુઃખ થાય છે તે તુચ્છ પદાર્થને અર્થે ભગવાનની આજ્ઞા લોપવે કરીને થાય છે.**

હું ઘણી વખત મારી વાત કરું છું. ભગવાનના ભક્તોને દુભવીએ તો દુઃખ થાય છે. અટલાદરામાં અમે એક ભગતને માર્યો હતો. અટલાદરા મંદિરે અમે દર્શન કરવા ગયા હતા. ત્યારે તો બી.એ.પી.એસ. સંસ્થાનો આટલો બધો વિકાસ નહોતો. આડે દિવસે તમે જાવ તો બે-પાંચ હરિભક્તો આવતા હોય, મંદિરમાં ચાર-પાંચ સાધુઓ હોય અને બે-ચાર કાર્યકર્તાઓ હોય, રસોઈયા હોય. વલ્લભવિદ્યાનગરથી અમે બે-ત્રણ મિત્રો વડોદરા થઈ અટલાદરા મંદિરે દર્શને ગયેલા. ત્યારે મને શોખ એટલે ચંપલ સ્પેશ્યલ સિવડાવેલાં. એ નવાં નવાં ચંપલ અટલાદરા મંદિરે નીચે પગથિયાં પાસે કાઢીને, ઉપર જઈ દર્શન કરી, ધૂન કરી પંદર-વીસ મિનિટ પછી અમે નીચે આવ્યા. નીચે આવ્યા તો મારાં ચંપલ ગૂમ. થયું કે, કોઈ માણસોની અવરજવર નથી તો ચંપલ જાય ક્યાં ? કોઈ બહારના તો આવ્યા નથી. એનો અર્થ કે મંદિરનો કોઈ સ્ટાફ ચોરી કરનાર છે. એમાં એક સફેદ કપડાંવાળા ભગતની હિલચાલ ઉપર અમારું ધ્યાન ગયું. એમની હિલચાલ એવી લાગી. એટલે પછી એમને પાણીની ટાંકી નીચેની રૂમમાં લઈ ગયા અને પાછળ બરડામાં બે-ચાર ડંડા માર્યા તો બોલી ગયા કે, 'મેં ચંપલ લીધાં છે.' પછી એમની રૂમમાં ગયા તો, કોથળો ભરીને ચશ્માંની ફ્રેમ, કોથળો ભરીને પેનો, ડાયરીઓ મળી આવી. નીચે મોટા સ્વામી, ચતુર્ભુજ સ્વામી ને બધા સંતો સાંજે ચાર વાગ્યાની સભામાં બેઠામાં હતા. અમે ભગતને ત્યાં લઈ જઈને બધા કોથળા ઠાલવ્યા. એ બધો જ સામાન મંદિરના સંતોનો હતો. ચશ્માં-પેન-ડાયરીઓ નવી નવી લાવે ને ઉપડી જાય. ત્યારે મોટા સ્વામી કે જેઓ મહંત હતા તેઓ બોલ્યા, 'આવા ને આવા ક્યાંથી ભરાયા છે, મંદિરમાં તકલીફ કરે છે.' એટલે મને એમ થયું કે, આ મોટા સ્વામી નાખુશ છે, આ સંતો નાખુશ છે તો આ ભગતને મંદિરમાંથી રવાના કરી દઈએ. એટલે અમે એ ભગતને મારતાં મારતાં મંદિરના દરવાજાની બહાર મૂકી આવ્યા. એ ભગત ત્યાંથી જતા રહ્યા. એટલું સારું થયું કે, એ ઘરે ના ગયા, વડતાલ ગયા. આપણને તો થાય કે, મંદિરનું સારું કામ કર્યું, મંદિરનું શુદ્ધિકરણ કર્યું. પણ પછી જુઓ આ જશભાઈની દશા ! પેલા ભગતને માર્યા એટલે નહિ, પણ એને કાઢી મૂક્યા એટલે એ દુખાયા હશે. પછી એ વાત ગઈ યોગીબાપા પાસે. ત્યારે બાપા બોલ્યા કે, 'એને કાઢી નહોતો મૂકવાનો.' આ સમાચાર મને વલ્લભવિદ્યાનગરમાં મળ્યા કે, બાપા એવું બોલ્યા કે, 'કાઢી નહોતો મૂકવાનો.' હું તો ઊંડો જ ઊતરી ગયો. 'બાપાને ના ગમ્યું આ !' અને જુઓ, થોડા દિવસ પછી ફરીથી અટલાદરા સમૈયામાં જવાનું થયું. સમૈયા પછી બધા વિખરાયા. અટલાદરા મંદિરે ટાંકીની એ જ ઓરડીમાં જ્યાં એ ભગતને માર્યા હતા, એની પાછળ ગોરસ આંબલીનું ઝાડ હતું. મને ગોરસ આંબલી બહુ ભાવે. એ ઝાડની ડાળી ઓરડીની બારી આગળ હતી, એટલે મને થયું, સહેજ ઉપર ચઢી ગોરસ આંબલી તોડી લઈએ. એ તોડવા હું ત્યાં ગયો ને મેં બૅલેન્સ ગુમાવ્યું ને ઉપરથી નીચે ધડાક દઈને પડ્યો. બેઉ પગે ફ્રેક્ચર થયું ને બે મહિનાનું પ્લાસ્ટર થયું. પછી સોખડા રહ્યો. ત્યારે કૃપા કરીને ત્રણ વખત બાપા દર્શન આપવા પધાર્યા. ત્યારે બાપાએ મને કહ્યું, 'ભગતજી મહારાજનું જીવન ચરિત્ર' વાંચવું અને ધૂન કરવી.' ભગતજી મહારાજનું જીવન ચરિત્ર વાંચતાં વાંચતાં આ વસ્તુ મારા ધ્યાનમાં આવી કે, ભગવાનના ભગતને, ભગવાનના સાધુને દુખવીએ તો દુઃખ આવે જ. ત્યારે હું વિચારમાં ઊંડો ઊતરી ગયો કે, આ ભગતને દુખવ્યો એટલે ભગવાને આ ને આ જન્મે મારું એ પ્રારબ્ધ ઓગાળી દીધું. બે મહિના મેં ગામના બધા યુવકો સાથે સખત ધૂન-ભજન ને કથા-વાર્તા કર્યાં. સાંજ પડે મને ઊંચકીને બહાર લૉબીમાં લઈ આવે ને પછી બધા યુવકો બેઠા બેઠા ગોષ્ઠિ કરીએ. ત્યારે મને હૈયામાં પરમ શાંતિ થઈ, શ્રીજી મહારાજ અને બાપા કેવા કૃપાળુ કે બે મહિનાની બીમારીમાં મારું પ્રારબ્ધ આ જ જન્મે ધોઈ નાંખ્યું. કેટલું સસ્તું કામ થયું. દુઃખમાં અપાર આનંદની અનુભૂતિ થઈ, શાંતિ થઈ ગઈ. અને ત્યારથી નિયમ લીધો કે, કોઈને વઢીએ ખરા, પણ દુખાય એવું નહીં કરવું.

ભગવાનના ભક્ત દુખાય એવું ના કરો. તમે ગમે એટલા પાવરફુલ હોવ, ગમે એટલી આવડત-હોશિયારીવાળા હોવ, પણ પ્રારબ્ધ ઊભું ના કરવું હોય તો ભગવાન ને ભગવાનના ભક્તોને દુખી નહીં કરતા. અને એટલે અડધો કલાકનું ભજન કરી લેવાનું. બાપાએ એટલે આજ્ઞા આપી કે, અડધો કલાક તો ધૂન કરજો, કરજો ને કરજો. શાથી ? કે તમારા બોલવા - ચાલવા - ફરવાથી કોઈ દુખાયા હોય કે આજ્ઞા લોપાઈ હોય તો લાંબું પ્રારબ્ધ ઊભું થાય એ પહેલાં તે ને તે દિવસે ધોવાઈ જાય. એટલે આપણને કોઈ તકલીફ ના પડે. કોઈ ક્લેશ કે દુઃખ ના આવે. હસતા રમતા ધામરૂપ રહેતા થઈ જવાય.

**જે ભગવાનના ભક્ત હોય તેને જેટલું દુઃખ થાય છે તે તુચ્છ પદાર્થને અર્થે ભગવાનની આજ્ઞા લોપવે કરીને થાય છે ને જેટલું સુખ થાય છે તે ભગવાનની આજ્ઞા પાળવે કરીને થાય છે.**

જેટલું સુખ થાય એ ભગવાનની આજ્ઞા પાળવે કરીને થાય છે, ભગવાનના ભક્તોની સેવા કરીને થાય છે. આપણને પેલી કળમાંથી બહાર કાઢ્યા છે, પણ આપણે અખંડ આનંદપૂર્વક પ્રભુના ધામનો આનંદ મેળવવો હોય તો એમની આજ્ઞામાં રહીએ. ભગવાનના ભક્તોની ગુણગાન, મહિમા, સુહૃદભાવ રાખી થાય એટલી નિર્દોષભાવથી સેવા કરીએ તો ગમે એવો દેહભાવ, ગમે એવી ચવડ જેવી પ્રકૃતિ-સ્વભાવ હશે તો મહારાજ એ જોતા નથી ને બદલી નાખશે.

સહજાનંદ સ્વામી મહારાજની જય ! ◆

# સાધુહૃદયની પ્રાર્થનાગંગા

## હે પ્રભુ પરમ !

આપનાં પ્રાગટ્ય વધામણાં
આ બ્રહ્માંડ
અંતર જગત
બહાર વિશ્વ
પરમ પાવન
તું કણકણમાં
તે દર્શન
તે સહજાનંદ !
હવે
સર્વત્ર વિકાસ
આત્મામાં ઉજાસ
શુભનો વિસ્તાર
દિવ્યતાનું સામ્રાજ્ય
તેવાં મહામાનવ
સર્વત્ર... સદાકાળ
તે સોનાનો સૂરજ
તેનાથી તેજોમય
'હું'... 'અમે'... 'સૌ'
તેથી વિશ્વ રૂપાળું
તે જ તો સહજાનંદ !
હે પ્રભુપરમ ! દયાળુ !
સૌને સહજાનંદે ભરો !
સૌમાં સહજાનંદ ઊભરો !
આપના પ્રાગટ્ય મંગલે
આ અંતર અભીપ્સા !

*બ્રહ્મજ્યોતિ, ૩ એપ્રિલ ૨૦૧૦*

## હે શ્રીજી મહારાજ !

આ બ્રહ્માંડે આપનું પ્રાગટ્ય
અનેક ચૈતન્યોને આપનો સંબંધ
પોતાના કરી લેવા
આત્મામાં બિરાજીને
'સ્વ' ટાળી સ્વભાવ મુકાવી
બ્રહ્મરૂપ કરવા માટે બ્રહ્મસ્વરૂપનું પ્રાગટ્ય પ્રત્યક્ષતા
એ અજોડ અનુપમ ઘટના ઘટી.
આપનાં જ પ્રત્યક્ષ ગુણાતીત સ્વરૂપો
અખંડ રહ્યાં
આજે અમને તે રૂપે આપ મળ્યા
તેઓની સાથે આતમસ્પર્શ
આતમ સ્નેહ અને આત્મસમર્પણ થયાં
સર્વસ્વનાં બલિદાન કપરાં
તે પણ સરલ થયાં
ને ધામ રચાયાં
તે પણ અજોડ અનુપમ ઘટના ઘટી.
હવે આજે...
આપના દિવ્ય સંકલ્પે...
બ્રહ્મભાવનું સામ્રાજ્ય રચાય
સૌ બ્રહ્મભાવે જીવતા થાય
સૌ આપના સંકલ્પનો પ્રસાર કરે
અનંત બ્રહ્માંડો આપના દિવ્ય પ્રકાશે ઝળહળે
તે પરમ પ્રકાશ સર્વત્ર ફેલાવે
અનેક આત્માઓને પ્રકાશિત કરે
તે કાર્ય થઈ રહ્યું છે.
તે સમયે...
અમે છીએ તેનો અહોભાવ છે, આનંદ છે
ધન્ય ધન્ય થયા તેનો ઉમંગ છે, ગૌરવ છે.
પ્રભુ આવા ને આવા શાશ્વત રહેજો...!

*બ્રહ્મજ્યોતિ, ૧૨.૪.હીરક*
*શ્રી હરિ પ્રાગટ્ય.*





સાધુ શાન્તિદાસના જય સ્વામિનારાયણ.



# અનુપમની હે અમૃતધારા...!

~ સદ્‌ગુરુ સાધુ પરમ પૂજ્ય અશ્વિનદાદા

સંતભગવંત પરમ પૂજ્ય સાહેબજી પ્રાગટ્યોત્સવ સભા
૭ માર્ચ ૨૦૨૩, તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી.

**તપોભૂમિ** બ્રહ્મજ્યોતિના પરિસરમાં ગુરુહરિ સાહેબદાદાના પ્રાગટ્ય ઉત્સવ નિમિત્તે આપે પધારીને અમારા ઉત્સાહ, ઉમંગ અને આનંદમાં વધારો કરી આપ્યો છે તેને અમે શ્રી ઠાકોરજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની અનંત કૃપા સમજીએ છીએ.

સ્વામિનારાયણ સંપ્રદાયના પાયાભૂત ગ્રંથ 'વચનામૃત'માં ભગવાન શ્રી સ્વામિનારાયણે 'ઉપાસના' અંગેની ઘણી વાતો કરી છે. કાળક્રમે એવા સદ્‌ગુરુ સંતોના માધ્યમ દ્વારા આપણને ધીરે ધીરે એ વાત સમજાતી જાય છે. ગુરુહરિ સાહેબદાદાએ અત્યંત કૃપા કરીને એ વાત સમજાવવા માટે સાધુ મનોજદાસજી દ્વારા 'શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના કથામંગલ'ના એક વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરાવ્યું હતું.

આજે ફાગણ સુદી પૂનમ છે. ભગતજી મહારાજનો પ્રાગટ્યદિન છે. શ્રી અક્ષરપુરુષોત્તમની ઉપાસનાના સિદ્ધાંતનું પ્રતિપાદન કરવા અને એને માટેની ભક્તિ અદા કરવા માટેનાં ગગનચુંબી મંદિરો જેમણે બંધાવ્યાં તેવા શાસ્ત્રીજી મહારાજની પ્રિય ઋતુ એવી આ વસંત ઋતુ છે. વસંતપંચમીએ શાસ્ત્રીજી મહારાજનું પ્રાગટ્ય થયું. ઉપાસનાની એમણે સમજાવેલી બાબત કે, ભગવાન સદા દિવ્ય, સાકાર, પ્રગટ અને પ્રત્યક્ષ છે. અને ભગવાન શ્રી સ્વામિનારાયણના આશીર્વાદ પ્રમાણે મને એ પ્રગટ વિચરતા સંત – મારા ગુરુના માધ્યમ દ્વારા આજે હાજરાહજૂર મળ્યા છે; એ આપણી શ્રી અક્ષરપુરુષોત્તમની ઉપાસના છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાને ગઢડા મધ્યનું ૨૧મું વચનામૃત વિક્રમ સંવત ૧૮૭૮ની સાલમાં ફાગણ સુદી પૂર્ણિમાના દિવસે ઉદ્‌બોધ્યું છે. કેટલાક સંશોધક સંતોએ તે દિવસે અંગ્રેજી તારીખ ૭મી માર્ચ હતી તે શોધી કાઢ્યું છે. આજે ૭મી માર્ચ છે, ફાગણ સુદી પૂનમ છે. પ્રભુને ધારીને, શ્રી અક્ષરપુરુષોત્તમના પરમ દિવ્ય તત્ત્વને ધારીને ગુણાતીત સાધુ સ્વરૂપે મનુષ્ય સ્વરૂપમાં વિચરતા ગુરુહરિ સાહેબદાદા અત્યારે વર્તમાનકાળે આપણા સર્વની વચ્ચે બિરાજમાન છે અને આપણે એમના પ્રાગટ્યદિન નિમિત્તે તેમના પ્રત્યેની ભક્તિ અદા કરી રહ્યા છીએ; એ કેવો યોગાનુયોગ છે ! અને એ જ તો ખરેખર ભગવાન શ્રી સ્વામિનારાયણના આશીર્વાદનું પરિણામ છે !

ગુરુહરિ સાહેબદાદા પોતાના ગુરુદેવ યોગીજી મહારાજ પ્રત્યે કેવા શિષ્યભાવથી જીવ્યા ! એના માટે એમનું પ્રેરણાસ્રોત્ર 'ભગતજી મહારાજનું જીવનચરિત્ર' હતું. જશુભાઈ સાહેબ એમ ગૌરવપૂર્વક કહે છે કે, 'ભગતજી મહારાજના જીવનચરિત્રનો સ્વાધ્યાય કરતાં, અધ્યયન કરતાં, એમના જીવનના મૂર્તિમંત આદર્શોનું સતત અનુસંધાન કરતાં મને શ્રી અક્ષરપુરુષોત્તમની ઉપાસના અને ગુરુદેવ યોગીજી મહારાજને કેવા ભાવથી સેવવા એની પ્રેરણા મળી; જે મને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે આપી.' એ ભગતજી મહારાજનો આજે પ્રાગટ્યદિન ! બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજે ગુરુ ગુણાતીતનું એવી રીતે સેવન કર્યું કે, તેઓ એમના રૂપ બની ગયા, બ્રહ્મભાવને પામી ગયા અને વર્તમાનકાળે આપણે મંદિરમાં એમની મૂર્તિ પધરાવીએ છીએ.

એક ગૃહસ્થ, વ્યવસાયી અને તે સમયની સમાજવ્યવસ્થા પ્રમાણે ઈતર કોમમાં પ્રગટેલા એવા પ્રાગજી ભક્તે ગુરુ ગુણાતીતનું જે ભાવથી સેવન કર્યું તો ગુરુકૃપાએ એમને 'બ્રહ્મસ્વરૂપ'ની અવસ્થા પ્રાપ્ત થઈ. ગુરુ પરંપરામાં તેઓ પ્રથમ એવા ગુરુ હતા કે જેમણે ભગવાં વસ્ત્ર પરિધાન

નહોતાં કર્યાં. એ વાતનો મેળ ત્યારે પડ્યો કે જ્યારે ૧૯૬૬માં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે જશુભાઈ સાહેબને પણ ભગવાં વસ્ત્રોની ભાગવતી દીક્ષા આપવાને બદલે આ જ વસ્ત્રોમાં રહીને હૃદય ભગવું કરવાના આશીર્વાદ આપ્યા. એના પરિણામે સ્વામિનારાયણ સંપ્રદાયમાં આખી એક નવી સાધુ પરંપરા અને 'અનુપમ મિશન' નામની એક સાધુ સંસ્થાનો જન્મ થયો; એ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના આશીર્વાદનું પરિણામ છે !

સ્વામિનારાયણ ભગવાને તો ગૃહસ્થાશ્રમી કે સંન્યાસી એ બંનેને મોક્ષની પ્રાપ્તિનો સમાન અધિકાર આપ્યો છે. પણ સર્વને પોતપોતાની વર્ણાશ્રમની વ્યવસ્થા હોય, અને વર્ણાશ્રમમાં રહીને પોતાના સ્વધર્મ પ્રમાણે, ગુરુઆજ્ઞા પ્રમાણે, પ્રભુપ્રીત્યર્થે જીવન જીવવાનો જો પ્રયત્ન કરે તો ગુરુકૃપાથી ભગવાનનું સાચેસાચું સુખ પ્રાપ્ત કરી શકે છે. એટલું જ નહીં, સ્ત્રી અને પુરુષ માટેનો ભેદ પણ ભગવાન શ્રી સ્વામિનારાયણે રાખ્યો નથી અને સર્વને પ્રભુભક્તિનો, મોક્ષપ્રાપ્તિનો અને ભગવદ્‌ભાવને પામવાનો સમાન અધિકાર ભગવાન શ્રી સ્વામિનારાયણે આપ્યો છે. એ પ્રમાણે જુદી જુદી સાધુ સંસ્થાઓના માધ્યમ દ્વારા પ્રભુભક્તિ કરવાનો, ગુરુઆજ્ઞાનું પાલન કરીને પ્રભુપ્રસન્નતા મેળવવાનો આપણે સૌ આપણાં પક્ષેથી પાપાપગલી પ્રયત્ન કરી રહ્યાં છીએ.

મહત્ આશીર્વાદ અને કૃપા; એ તો ગુરુની છે. જ્યારે એવા ગુણાતીત ગુરુ રાજી થાય ત્યારે બીજું કાંઈ મેળવવાની ઈચ્છા રહેતી નથી, આશા રહેતી નથી. સઘળું મળી ગયું એવી તૃપ્તિનો આનંદ જ્યારે શિષ્યને થાય છે ત્યારે એનું શાસ્ત્રોએ 'બ્રહ્મના આનંદ' તરીકે વર્ણન કર્યું છે. એવી ગુરુકૃપાથી બ્રહ્મસ્વરૂપ બનેલા અને બ્રહ્માનંદની સદાય છોળો ઉછાળતા રહેતા એવા ગુરુહરિ સાહેબદાદા આપણને સહજ અને સુલભ રીતે આપણા જેવા જ મનુષ્ય શરીરમાં પ્રાપ્ત થયા છે.

અમારા 'બ્રહ્મનિર્ઝર' માસિકના અંકમાં ગુરુહરિ સાહેબદાદાએ ગઢડા મધ્ય-૨૧ : 'મુદ્દાનું' વચનામૃતનો ઉલ્લેખ કરીને આ નૂતનમાર્ગની વિશેષ દૃઢતા આ વર્ષ દરમિયાન આપણે સૌએ કરવાની છે તેવું નિશાન આપ્યું છે. એ વર્ષ દરમિયાન જ બ્રહ્મસ્વરૂપ પ્રમુખ સ્વામી મહારાજની જન્મશતાબ્દી જે રીતે ગુજરાતમાં ઉજવાઈ, જેની નોંધ દેશ-વિદેશમાં વસતા અનેક ભક્તો અને સંતોએ લીધી છે; તે માત્ર ને માત્ર ગુરુ પ્રત્યેની ભક્તિ અદા કરવા માટેનું જ એક ભક્તિકાર્ય હતું ! તો એ 'મુદ્દા'ના વચનામૃતમાં શ્રી સ્વામિનારાયણ ભગવાન મુદ્દો સમજાવતાં એમ કહે છે કે, પૂર્વે જે ભગવાનના અવતારો થઈ ગયા અને ભગવદ્ કૃપાને પામેલા સંતો થઈ ગયા કે જેમનાં જીવનચરિત્રોની કથા આપણે વાંચીએ છીએ અને સાંભળીએ છીએ, અને એમનું જે માહાત્મ્ય છે; એ માહાત્મ્યથી આગળ, એવો જ મહિમા હાલ-અત્યારે હાજર વર્તમાનકાળમાં પ્રત્યક્ષ એવા ભગવાનના સ્વરૂપનો સમજવો અને એમના એવા એકાંતિક ભક્તોનો પણ મહિમા સમજવો એ મૂળ મુદ્દો છે. જે થઈ ગયું છે એની આપણે વાત કરીએ છીએ, શું થશે એની આપણે ચિંતા કરીએ છીએ, પણ વર્તમાનકાળે જે હાજરાહજૂર છે અને જે આપણને સહજ જ પ્રાપ્ત થયું છે તેનું સુખ લેવાનું રખેને ચૂકી ના જઈએ ! એવો નિર્દેશ ગઢડા મધ્ય-૨૧ના વચનામૃતમાં શ્રી સ્વામિનારાયણ ભગવાને ૨૦૦ વર્ષ પહેલાં કર્યો છે.

ભગતજી મહારાજે ભગવાન શ્રી સ્વામિનારાયણનાં આ વચનોનો - આ વાતનો આધાર પકડીને, ગુરુ ગુણાતીતને પ્રભુનું પ્રત્યક્ષ વિચરતું બ્રહ્મસ્વરૂપ સ્વીકારીને પોતે બ્રહ્મરૂપ થવાની સાધના કરી. અને પરિણામે સ્વામિનારાયણ સંપ્રદાયમાં ગુણાતીત પરંપરામાં ભગતજી મહારાજ ગુરુ તરીકે સ્થાપિત થયા. તેમના જ સમયમાં જાગા સ્વામી, કૃષ્ણજી અદા મહારાજ, એ ત્રણેએ મળીને શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીને આશીર્વાદ આપીને પ્રેરણા આપી કે, 'આ ઉપાસનાની શુદ્ધ વાત સમજાવવા માટે તમે કટિબદ્ધ થાવ'; એના પરિણામે આજે આપણને સર્વને શ્રી અક્ષરપુરુષોત્તમની ઉપાસના ઉપલબ્ધ થઈ છે. અને આપણે સૌ સહજતાથી, આનંદથી, લહેજત કરતાં કરતાં આપણા મનહૃદયમાં ઊઠતા ભક્તિભાવો ભગવાનને ધારીને જીવતા એવા પ્રગટ સંતસ્વરૂપો પ્રતિ પ્રદર્શિત કરીએ છીએ, તેમના પ્રત્યે એ ભાવ ઢોળીએ છીએ, વરસાવીએ છીએ. આ કોઈ વ્યક્તિપૂજાની વાત નથી, પણ એ વ્યક્તિએ ધારણ કરેલી પ્રભુની શક્તિની પૂજાની વાત છે. એમણે ગુરુકૃપાથી પ્રાપ્ત કરેલા ગુણાતીત ગુણોની પૂજા છે ! આપણા સંપ્રદાયમાં વર્તમાનકાળે એવા પ્રગટ સત્પુરુષ મહંત સ્વામી મહારાજ છે. સમાજમાં મહંત સ્વામી મહારાજ સાથે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે દીક્ષિત કરેલા એવા અનેક વડીલ અને વિદ્વાન સંતો છે, તેઓ સૌ આ શ્રી અક્ષરપુરુષોત્તમનો એટલે કે પ્રગટની ઉપાસનાનો એકડો ઘુંટાવી રહ્યા છે, અને એની પાછળ જેમ જેમ ભક્તિભાવનાં અનેક મીંડાં ચઢતાં જાય છે તેમ તેમ તેની કિંમત સમજાતી જાય છે એટલે કે એનો મહિમા સમજાતો જાય છે.

એવા એક અદ્‌ભુત ઉત્સવના આપણે અત્યારે ભાગરૂપ બની રહ્યા છીએ. ગુરુહરિ સાહેબદાદા પ્રત્યેની એ પ્રકારની ભક્તિ આપણે અદા કરવા માટેનો હાંહાંગડથલ પ્રયત્ન, આપણને આવડ્યું, આપણને ફાવ્યું, આપણને પોતાને ગમ્યું તે પ્રમાણે કરીને આપણે એમને રાજી કરવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ. એમના માટે તો આ ભીડો છે. ગુણાતીત

સંતને માટે તો આ સખત ભીડો છે. આટલી વૃદ્ધ ઉંમરે શરીરનો ભીડો તો છે જ, પણ એની સાથે સાથે જેઓ પોતાને ચરણની રજ માનતા હોય, ગુરુકૃપાનું, ઈશ્વરકૃપાનું, શ્રી ઠાકોરજીની કૃપાનું જ આ સઘળું પરિણામ છે એમ માનીને શૂન્યભાવે, દાસત્વભાવે જેઓ જીવતા હોય, એમને માટે આ સ્વીકારવું એ બહુ જ મોટો ભીડો છે. અને તેમ છતાંય આપણને રાજી રાખવા, આપણી પ્રસન્નતા માટે તેઓ પોતે ખુશી ગ્રહણ કરીને, આપણા સર્વની ઉપર અત્યંત આશીર્વાદ અને કૃપા વરસાવી રહ્યા છે ! આપણે સદ્‌ભાગી છીએ કે, આવો મહોત્સવ ઊજવવાનો આપણને આપણા સમય દરમિયાન અદ્‌ભુત મોકો મળ્યો !

કેટલી સુંદર હવા ! કેવું સુંદર રળિયામણું વાતાવરણ ! કેવું સુંદર શ્રી ઠાકોરજી મહારાજના મંદિરનું આ પરિસર ! અને એમાં આપણા હૃદયને વિશેની આવી પ્રભુ પ્રત્યેની, પ્રભુ જેમના દ્વારા પ્રગટ છે, જેમણે આપણને પ્રભુ સાથે જોડ્યા છે તેઓ પ્રતિની શુભ ભાવનાઓ ! અને જેમણે આપણને મંત્ર અને શાસ્ત્ર સાથે જોડ્યા છે, તેવાં ધર્મ, નીતિ, સદાચારના માર્ગે ચાલવાનો સતત માર્ગ બતાવતા ગુરુનો પ્રાગટ્યદિન ઊજવવો એ આપણા માટે અત્યંત હર્ષ અને આનંદની બાબત છે !

ગુરુ-શિષ્ય પરંપરામાં ગુરુ પ્રાગટ્યદિન અને ગુરુપૂર્ણિમા એ બે બહુ જ પવિત્ર ઉત્સવો છે. અને તે દિવસની જે અભિવ્યક્તિ, શિષ્યને ગુરુ પ્રત્યે થતા જે ભાવ અને ગુરુના હૃદયમાંથી પણ શિષ્યો પ્રત્યે વરસતી જે કરુણા અદ્‌ભુત હોય છે ! ગુરુહરિ સાહેબદાદાએ અતિશય કરુણા કરીને આપણે સૌ ભક્તો સાથે મળીને, આટલી મોટી સંખ્યામાં ખુલ્લા મેદાનમાં સરસ રીતે એમનો આવો આ અદ્‌ભુત પ્રાગટ્ય ઉત્સવ ઊજવી શકીએ એ માટેની મંજૂરી આપી; જે આપણા સૌની એમના પ્રત્યેની ભક્તિ તેમણે સ્વીકારી છે તેના નિશાનસ્વરૂપે છે.

ગુરુહરિ સાહેબદાદાના શ્રી ચરણોમાં પ્રાર્થના કરીએ. અમે બીજું શું કરીશું ? અમે બીજું શું માંગીશું ? અમે બીજું શું પ્રાર્થીશું ? પ્રાર્થના કેમ કરવી એ તો સદ્‌ગુરુ સાધુ પરમ પૂજ્ય શાંતિદાદા આપણને શિખવાડી ગયા છે. એમના હૃદયમાંથી વહેતી પ્રાર્થનાઓની સાથે સાથે આપણા સૌની પ્રાર્થનાઓ જોડાય અને શ્રી ગુરુના શ્રી ચરણમાં, શ્રી પ્રભુના શ્રી ચરણમાં તે અર્પણ થાય એવી મંગલ ભાવના અને પ્રાર્થના આ મંગલકારી પ્રસંગે અમે તપોભૂમિ બ્રહ્મજ્યોતિ ઉપર નિવાસ કરતા સર્વ સંતો, સર્વ આશ્રમવાસીઓ આપના શ્રી ચરણોમાં ધરીએ છીએ. આપની કૃપા, આપનો અનુગ્રહ સદાય અમારા પર વરસાવતા રહો એવી મંગલ પ્રાર્થના ! જય શ્રી સ્વામિનારાયણ ! ◆



## TOTAL WELLNESS MANAGEMENT



# Panchamrit

~ Lt. Gen. Mohinder M. Walia (Retd.)

*Beginning with this issue, we are going to offer you some simple practical tips for having better health and happiness. These are easy to follow measures and are based on our ancient yogic wisdom. They will provide a holistic approach to lifestyle management.*

**Outlined below is the five - point Wellness Management Plan.**

1. *Deep Breathing : This is the most important point. Additional oxygen inhaled activates the life force (Prana) which is vital for good health.*
2. *Proper water intake is the next point of relevance for keeping oneself in good health.*
3. *Food that we eat has a lot to do with our health. " We are what we eat"- they say.*
4. *Proper excercise is equally important for remaining fit for life.*
5. *Positive attitude is last but not the least in importance.*

The five ingredients of the holistic healthcare plan mentioned above will be elaborated one by one in the subsequent issues of *Brahmanirzar*.

# Divine Love's Ripple Effect : Sahebji's Parenting Wisdom

~ Saheli Sheth (Peoria, USA)

When my sister was four, she discovered a small box hidden in the corner of the room. Intrigued, she found a cassette tape labeled "Favorite Music" with my dad's name on it. The songs on the tape were classics from my father's youth, a treasure from a time before YouTube. Curiously, my sister unraveled the film inside the tape until it was all out, innocently wrapping it around herself like a new outfit.

When my dad entered the room, his eyes darted between his daughter, the music box, and the cassette tape that could no longer play music. He looked back at my sister, who was now gleefully dancing with the film all over herself. My dad felt a rush of anger and grief, as his most beloved music was forever gone.

To our surprise, he then grabbed a camera and, laughing along with my sister, began taking pictures of her. To this day when he tells this story, he often says, "She looked so innocent and so happy that I just couldn't be mad at her!"

We might have heard about the importance of seeing God in everyone; in that moment, I witnessed this principle in action. Instead of seeing an annoying 4-year-old, my dad chose to see a carefree child, a reflection of God's effortlessly blissful nature. By pausing to remind ourselves, "God works through everyone," a state of anger can transform into a state of love.

Years later, as a bold teenager, I recall asking my mom directly, "Why didn't you and Pappa ever use physical discipline on us?" She tenderly replied, "You are our angels! We could never do that to you." I believe that every child is an angel deserving of love and care, and that every parent and guardian is doing their best at any given moment. I hope all parents and guardians approach this reflection with grace and compassion for themselves as caregivers, recognizing that there are various approaches to parenting and that love and care can be expressed in different ways.

My parents' approach to parenting was guided by the wisdom imparted by Sadguru Sant Param Pujya Shantidada: *"Aapde maatra emne prem, prem, prem aapvaano. Baaki badhu Bhagwan sambhaali leshe."* [All we must do is give our kids love, love, love. God will handle the rest.] In moments of frustration, my parents would pause and reflect on Shantidada's teachings. By pausing for a moment during a conflict, we can replay Shantidada's guidance in our minds and more seamlessly incorporate it into our relationships.

Now as a young adult, I look back at my nurturing upbringing and recognize how Shantidada molded my parents to be more loving in their interactions with my sister and me. As a result, I can easily share this warmth with the youth I work with as a mental health clinician. Such is the ripple effect of love – we can give what we have received.

How do we increase our capacity to love? Sant Bhagwant Sahebji suggests a simple practice: Reflect on our kids' and loved ones' positive virtues each night before bed. This practice can not only improve our sleep quality but also primes our minds to actively focus on the positive in our children.

Sant Bhagwant Sahebji beautifully stated, "The home is the greatest of all schools in the world, and parents are the best teachers." We may gently ask ourselves: What lessons are being taught in the school of "Home"?

Our actions and behaviors serve as our children's curriculum. Do they witness us speaking to others with respect? Do they hear our humble apologies when we make mistakes? Do they see us refrain from gossiping about others? Do they observe us doing our puja and thanking God for another day of life? Are we modeling the values we want them to embrace?

Our actions at home are the legacy we leave behind. Today, I offer a prayer to Lord Swaminarayan: May we all be inspired by Sahebji's example to build harmony in the home by first embodying it ourselves. And may every parent and guardian reading this leave behind a legacy of divine love. ◆

# ભગવાનના પ્રગટ દિવ્ય સ્વરૂપ : આપણા વહાલા સાહેબદાદા !

~ ભાવાનુવાદ સંકલન : સંગીતાબહેન મોદી (અમદાવાદ)

**ટીક** ટોક ટીક ટોક... મોડી રાત્રે ઊંઘ ના આવતાં ઘડિયાળ પર નજર પડી – વહેલી સવારે ૧.૧૭ વાગ્યા હતા. ઊંઘ અને હું સંતાકૂકડીની રમત રમતાં હતાં, જેમાં મારા કરતાં એ ઘણી આગળ હતી. હું વિમાસણમાં હતી કે, શાંતિ અને આરામનો અનુભવ કરવા શું કરવું ?

ધીરે ધીરે મારા માનસપટ પર એક ચિત્ર ઊપસી આવ્યું: ઘનશ્યામ મહારાજ, આપણા વહાલા સ્વામિનારાયણ ભગવાનનું બાળસ્વરૂપ, તેઓ ભારતમાં તેમના પ્રાગટ્યસ્થાન છપૈયામાં આનંદકિલ્લોલ કરી રહ્યા છે. મેં મનોમન કલ્પના કરી કે, તેઓ જ્યાં સ્નાન કરતા, એ નારાયણ સરોવર પાસે મસ્તીમાં મહાલી રહ્યા છે. અને મને તેઓના બાળપણના એ નવરાશના દિવસોનું નિર્દોષ હાસ્ય પણ સંભળાઈ રહ્યું હતું. વિવિધ વૃક્ષો અને લીલીછમ વનરાજીથી શોભતી તેમની પ્રાગટ્યભૂમિમાં તેઓએ ગ્રહણ કરેલ સ્વાદિષ્ટ વાનગીઓની મહેક પણ હું અનુભવી શકતી હતી. મનમાં આ લીલાચરિત્રોનું આબેહૂબ દર્શન થતાં મારા ચહેરા પર એક હળવું સ્મિત છવાઈ ગયું અને હું શાંતિથી ક્યારે ઊંઘી ગઈ તેની મને ખબર પણ ના પડી.

જ્યારે વર્ષ ૨૦૨૩-૨૦૨૪ની આંતરરાષ્ટ્રીય યુવા રિટ્રીટ દરમિયાન અમે છપૈયાની મુલાકાત લીધી, ત્યારે અમે ઘનશ્યામ મહારાજની દિવ્ય લીલાઓની સ્મૃતિ કરવાનું મહત્ત્વ સમજ્યાં. આવા પવિત્ર તીર્થસ્થાનની યાત્રાના ફળસ્વરૂપે ભગવાનની દિવ્ય લીલાઓની સ્મૃતિ આપણા મનમાં અંકિત થતાં આપણામાં ઘર કરી ગયેલી નકારાત્મકતા દૂર થાય છે અને આપણું અંતર નિર્મળ બને છે. સદ્ગુરુ સાધુ પ.પૂ. અશ્વિનદાદાએ પણ 'ઘનશ્યામ ચરિત્ર'માં લખેલાં આવાં દિવ્ય ચરિત્રો વાંચવાના મહત્ત્વ પર ખૂબ ભાર મૂક્યો હતો.

જ્યારે દિવ્ય આંદોલનોની અનુભૂતિ વિષે પૂછવામાં આવ્યું, ત્યારે પ.પૂ. અશ્વિનદાદાએ એનો ખૂબ સરળ અર્થ સમજાવ્યો : 'જે સ્થાનમાં રહેવાથી આપણને આનંદનો અહેસાસ થાય, જે પવિત્ર સ્થાને સમય વિતાવવાથી આપણા અંતરમાં તેની કાયમી સ્મૃતિઓ અને હકારાત્મક વિચારો વસી જાય, અને અણગમતા વિચારોનો અવકાશ જ ના રહે. આજે આપણે મોગરીમાં અનુપમ મિશનના જે ભવ્ય શિખરબંધ મંદિરનાં દર્શન કરીએ છીએ, તેનું સર્જન એ એક વિચાર, એક સંકલ્પનું પરિણામ છે. જેની પ્રેરણા કેટલાંક વર્ષો પહેલાં હરિભક્તોને તેમની છપૈયાની ધર્મયાત્રા દરમિયાન થઈ હતી. પાવનભૂમિ છપૈયાની અદ્ભુત શક્તિનું આ દર્શન છે !'

વર્ષોથી સ્વામિનારાયણના સત્સંગીઓ અત્યંત ભાવથી ભગવાન સ્વામિનારાયણના પ્રાગટ્યસ્થાનનાં દર્શન કરવા આવે છે. સમય વીતતાં અન્ય મકાનોની જેમ અહીં પણ રોકાવા માટે બનાવેલ મકાનો જીર્ણ થયાં છે. ગમે તે હોય પણ સ્વામિનારાયણના સત્સંગીઓ માટે તો છપૈયા એ અક્ષરધામ તુલ્ય જ છે અને અહીં અનુભવાતી પરમ શાંતિના પ્રેમમાં ખેંચાઈને સૌ અહીં આવે છે.

૨૦૨૩માં છપૈયાધામના પરિસરમાં એક નવીન, આધુનિક અને વૈભવી સુવિધાઓવાળી રહેઠાણ વ્યવસ્થા ખુલ્લી મુકાઈ છે. આ નવા રહેઠાણમાં સૌથી પહેલાં રહેવાનું સૌભાગ્ય અમને યુવાનોને પ્રાપ્ત થયું. જોકે, અહીં પધારતા સત્સંગીઓ અહીંની કોઈ સગવડોને ધ્યાનમાં લેવાને બદલે સહજ જ વિચારે કે, ભગવાનની કેવી કૃપા કે, આપણને આ પવિત્ર પ્રાગટ્યસ્થાનનાં દર્શનનો લહાવો પ્રાપ્ત થયો !

છપૈયાધામ પરિસરમાં વિહાર કરતાં હોય તે દરેકને સહજ જ અનુભૂતિ થાય કે, અહીં સૌ ભક્તોને પોતાના ભગવાન પ્રતિ અગાધ પ્રેમ અને ભક્તિભાવ છે ! જોકે, આ પ્રેમ પરસ્પર છે. ભગવાન પણ આવાં પવિત્ર સ્થાનોને કેવી રીતે સુરક્ષિત રાખે છે અને પોતાના વહાલા ભક્તોનાં સુખ-સગવડની કેવી સારસંભાળ રાખે છે તેનાં પણ દર્શન થાય છે.

છપૈયાધામ ઉપરાંત, સંતભગવંત સાહેબદાદાને પોતાના ગુરુના પ્રાગટ્યસ્થાન-ધારીતીર્થ માટે વિશેષ લગાવ છે. જોકે, દરેક તીર્થસ્થાનનું પોતાનું આગવું મહત્ત્વ હોય છે, પણ સાહેબદાદાને ખાસ કરીને છપૈયા અને ધારીતીર્થ માટે અત્યંત આદરભાવ છે. તેઓની દૃષ્ટિ હંમેશાં ભગવાન અને પોતાના ગુરુ તરફ જ હોય છે. અમારી સમજણમાં સાહેબદાદા પ્રતિનો મહિમા અત્યંત વૃદ્ધિને ત્યારે પામ્યો કે, જ્યારે અમે ધારીમાં તેઓના અધ્યાત્મ-વારસાનાં દર્શન કર્યાં. પોતાના ગુરુની સ્મૃતિમાં ગામની દીકરીઓને પહેલાં ક્યારેય ઉપલબ્ધ નહોતી તેવી ઉચ્ચ શિક્ષણની તકો પૂરી પાડતી એક મહિલા આર્ટ્સ અને કૉમર્સ કૉલેજની તેઓએ સ્થાપના કરી.

જ્યારે અમે ધારી પહોંચ્યાં, ત્યારે દીકરીઓએ સાહેબદાદા પ્રત્યેના તેઓના નિખાલસ પ્રેમ અને હૃદયના ભક્તિભાવ સ્વાગતનૃત્ય દ્વારા વ્યક્ત કર્યા. મને ફરી એક વાર પ્રતીતિ થઈ કે, સાહેબદાદાએ પ્રથમ તેઓમાં પ્રેમ સીંચ્યો હતો અને કૉલેજની સ્થાપના કરતાં પૂર્વે જ તેઓને પોતાના હૃદયમાં સ્થાન આપી દીધું હતું. છપૈયા અને ધારી તીર્થની ધર્મયાત્રા દ્વારા એક સત્ય તો સમજાયું કે, ભલે આપણો ભગવાન પ્રતિનો પ્રેમ પાણીના એક બુંદ સમાન-સહેજે જણાઈ આવે તેવો અને મતલબી હોય, પણ ભગવાનનો આપણા માટેનો પ્રેમ એ અગાધ સાગર જેવો હોય છે.

જેમ સાહેબદાદાએ ઉદાહરણ પૂરું પાડ્યું છે, તેમ આપણે સૌ આપણા ગુરુ અને આપણા ભગવાનનાં પ્રાસાદિક પવિત્ર સ્થાનોનો આદર કરી ભક્તિ અદા કરીએ. પ.પૂ. અશ્વિનદાદાની ગહન શીખને આપણે યાદ રાખીએ : છપૈયા, એ સ્વામિનારાયણ ભગવાનનું પ્રાગટ્યધામ છે; પણ તેઓનું સાચું ધામ તો ગુણાતીત સંત છે, કે જેઓના દ્વારા તેઓ સદાય પ્રગટ રહ્યા છે. આપણે આપણું જીવન, આપણને પ્રાપ્ત થયા છે એવા પ્રગટ ગુણાતીત સંત – આપણા વહાલા સાહેબદાદાનો મહિમા પ્રસરાવવામાં સમર્પિત કરીએ ! ◆

*(સહેલી શેઠના 'બ્રહ્મનિર્ઝર'-માર્ચ, ૨૦૨૪ના અંકમાં પ્રકાશિત મૂળ અંગ્રેજી લેખનો ભાવાનુવાદ)*



# સાહેબજીની પધરામણીની ઘડીઓ રળિયામણી



**૧ માર્ચ, શુક્રવાર...** તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર મંદિરજીમાં સંધ્યા આરતીમાં પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન-પ્રાર્થનાનો લાભ લીધો. 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં સૌને સત્સંગલાભ આપ્યો.

**૨ માર્ચ, શનિવાર...** સવારે મંદિરજીમાં રાજભોગ આરતીમાં પધાર્યા. ત્યારબાદ શ્રી ઠાકોરજી સમક્ષ કીર્તનભક્તિનો આનંદ માણી ઉપસ્થિત સૌ ભક્તોને દર્શન-સમાગમનું સુખ આપ્યું. રાત્રે દિલ્હીથી પધારેલ પૂ. આનંદીદીદી અને સંત બહેનોને સત્કારી, સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૩ માર્ચ, રવિવાર...** સવારે 'પારમિતા' સભાખંડમાં મૂળ આણંદના હાલ યુ.એસ.એ.નિવાસી જયભાઈના દીકરા ચિ. ઉમંગની ચૌલક્રિયા પ્રસંગે યોજેલ મહાપૂજામાં પધારી આશીર્વાદ પાઠવ્યા. સાંજે યજ્ઞશાળામાં પધારી યજ્ઞમાં પ્રાર્થના સહિત આહુતિ અર્પણ કરી ઉપસ્થિત સૌને આશીર્વાદ પાઠવ્યા. વડીલ સાધુ પૂ. હેમંતભાઈ વશી તેમજ પવઈ મંડળના ભક્તોને સત્કાર્યા. 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી સૌને સત્સંગનું અદ્‌ભુત સુખ આપ્યું.

**૪ માર્ચ, સોમવાર...** સવારે દર્શનાર્થે પધારેલ આણંદ જિલ્લાના સાંસદ શ્રી મિતેશભાઈ પટેલ અને ધારાસભ્ય શ્રી યોગેશભાઈ પટેલને સત્કારી આશીર્વાદ પાઠવ્યા. સાંજે દર્શનાર્થે પધારેલ ડી. સી. પટેલ (સંકેત) અને તેઓના દીકરા મેહુલભાઈ (સૅક્રેટરી, ચારુતર વિદ્યામંડળ)ને સત્કારી આશીર્વાદ પાઠવ્યા. 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી સત્સંગલાભ આપ્યો.

**૫ માર્ચ, મંગળવાર...** બપોરે દર્શનાર્થે પધારેલ ભક્તોને મુલાકાત આપી સત્સંગ-ગોષ્ઠિનો લાભ આપ્યો. સાંજે મંદિરજી તથા 'અક્ષરમહોલ'માં સંધ્યા આરતીમાં પધારી શ્રી ઠાકોરજીનાં દર્શન-પ્રાર્થનાનો લાભ લીધો તથા ઉપસ્થિત સૌ ભક્તોને દર્શનનું સુખ આપ્યું. 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી સત્સંગલાભ આપ્યો.

**૬ માર્ચ, બુધવાર...** ધુળેટી પર્વ નિમિત્તે 'અક્ષરમહોલ'માં યોજેલ માસિક સમૂહ ધૂનમાં પધારી ધૂન-પ્રાર્થના કર્યાં. સાંજે 'તીરથ'માં સંતોની સભામાં અને 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી સત્સંગલાભ આપ્યો.

**૭ માર્ચ, ગુરુવાર...** સવારે મંદિરજીમાં રાજભોગ આરતીમાં પધાર્યા. સોખડાથી પધારેલ સરપંચ શ્રી રાજુભાઈ, જયંતીભાઈ અને ગામના વડીલ અક્ષરમુક્તોને દર્શન-સમાગમનું સુખ આપ્યું. ધુળેટી પર્વ નિમિત્તે આયોજિત મંદિરજી પ્રદક્ષિણા-ભક્તિમાં પધાર્યા બાદ સંધ્યા આરતીનો લાભ લીધો. રાત્રે બ્રહ્મસ્વરૂપ પ.પૂ. કાકાજી મહારાજની ૩૯મી વાર્ષિક નિર્વાણતિથિ નિમિત્તે યોજેલ વિશિષ્ટ કીર્તન આરાધનામાં પધારી કીર્તનભક્તિનો આનંદ માણ્યો તથા ઉપસ્થિત સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૮ માર્ચ, શુક્રવાર...** સવારે મંદિરજીમાં રાજભોગ આરતીમાં પધાર્યા. ત્યારબાદ શ્રી ઠાકોરજી સમક્ષ કીર્તનભક્તિનો આનંદ માણી ઉપસ્થિત સૌ ભક્તોને દર્શન-સમાગમનું સુખ આપ્યું. 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી મહાશિવરાત્રિ નિમિત્તે આશીર્વાદ આપ્યા.

**૯ માર્ચ, શનિવાર...** સવારે મંદિરજીમાં રાજભોગ આરતીમાં પધાર્યા. આરતી બાદ ઉપસ્થિત સૌ ભક્તોને સત્સંગલાભ આપ્યો. સાંજે 'અક્ષરમહોલ'માં પધારી ધૂન-પ્રાર્થના કર્યાં.

**૧૦ માર્ચ, રવિવાર...** સવારે મંદિરજીમાં રાજભોગ આરતીમાં પધાર્યા. આરતી બાદ દર્શનાર્થે પધારેલા સૌ ભક્તોને દર્શન-સમાગમનું સુખ આપ્યું. સાંજે યજ્ઞશાળામાં પધારી યજ્ઞનો લાભ લીધો તથા સૌ યજમાનોને આશીર્વાદ આપ્યા. સાંજે વડોદરા ઍરપૉર્ટ પધારી ફ્લાઇટમાં દિલ્હી પ્રતિ પ્રયાણ કર્યું. દિલ્હી ઍરપૉર્ટ ઉપર સંતો, સંત બહેનો, વિજયપાલ, વિનયભાઈ વાલિયા આદિ સ્થાનિક ભક્તોએ ભક્તિભાવે સ્વાગત કર્યાં. સૌને દર્શન-ગોષ્ઠિનો લાભ આપી ફરિદાબાદ પ્રતિ પ્રયાણ કર્યું. મોડી રાત્રે વિનયભાઈના ઘરે પહોંચી પરિવારના સૌ મુક્તોના

સ્વાગતભાવ ઝીલી, સૌ ઉપર પ્રસન્નતા વરસાવી. સૌને ગોષ્ઠિનો લાભ આપી રાત્રિરોકાણ કર્યું.

**૧૧ માર્ચ, સોમવાર...** પ્રાતઃપૂજામાં વિનયભાઈ તથા પરિવારના સૌ મુક્તોને આશીર્વાદ પાઠવ્યા. સાંજે શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિર–દિલ્હી પધાર્યા, જ્યાં પ.પૂ. મુકુંદજીવન સ્વામીજી–ગુરુજી અને સૌ સંતો, સંત બહેનો, ભક્તોએ ભાવથી સત્કાર્યા. મંદિરે મહાપૂજામાં નૂતન બે સંતો અને બે સેવકોને દીક્ષા અર્પણ કરવામાં આવી તે પ્રસંગે સૌને આશીર્વાદ પાઠવ્યા. પ.પૂ. ગુરુજી સાથે ગોષ્ઠિનો આનંદ માણી આરામમાં પધાર્યા.

**૧૨ માર્ચ, મંગળવાર...** સવારે સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી સાથે સૌ સંતોને લઈને 'નેશનલ વૉર મૅમોરિયલ'ની મુલાકાતે પધાર્યા. બપોરે પ.પૂ. ગુરુજી, પ.પૂ. દિનકરભાઈ, પ.પૂ. દાસ સ્વામી, પ.પૂ. ભરતભાઈ, પ.પૂ. વશીભાઈ આદિ સ્વરૂપો સાથે ગોષ્ઠિનો આનંદ માણ્યો. સાંજે સભામાં પધારી ઉપસ્થિત સૌને આશીર્વાદ આપ્યા.

**૧૩ માર્ચ, બુધવાર...** પ.પૂ. ગુરુજીના ૮૭મા પ્રાગટ્યદિને સવારે પૂજન–પુષ્પાર્પણ કરી પ્રાર્થનાના ભાવ અર્પણ કર્યા. સવારે મહાપૂજામાં પૂ. વત્સલસ્વરૂપદાસ સ્વામી અને પૂ. શીતલદાસ સ્વામીને ભાગવતી દીક્ષા અર્પણવિધિ દરમિયાન પાઘ પહેરાવી આશીર્વાદ આપ્યા તથા પૂ. હંસદેવદાસ અને પૂ. નીરવદાસને સેવકની દીક્ષા અર્પણવિધિ પ્રસંગે આશીર્વાદ પાઠવ્યા. સાંજે પ.પૂ. ગુરુજીના ૮૭મા પ્રાગટ્યોત્સવની સભામાં ઉપસ્થિત સૌને પ.પૂ. ગુરુજીના જીવનમાહાત્મ્યની અદ્‌ભુત વાતો કરી આશીર્વાદ પાઠવ્યા.

**૧૪ માર્ચ, ગુરુવાર...** સવારે દિલ્હીના મનોજભાઈ મહેશ્વરી પરિવાર, સુનીલભાઈ મંગલા પરિવાર, પૂર્વ લૅફ્ટનન્ટ જનરલ અરવિંદ મહાજન, ઈન્કમટેક્સ કમિશનર સુશ્રી નિમિષા સિંઘ આદિ ભક્તોને મુલાકાત આપી સત્સંગલાભ આપ્યો. સાંજે 'ગુણાતીત સમાજ સેવક સમિતિ'ની મીટિંગમાં પધારી ઉપસ્થિત સૌ સંતો–ભક્તોને માર્ગદર્શન સાથે આશીર્વાદ પાઠવ્યાં.

**૧૫ માર્ચ, શુક્રવાર...** મંદિરે શ્રી ઠાકોરજીનાં દર્શન કરી પ.પૂ. ગુરુજી અને સૌ સંતો–ભક્તોને મળી દિલ્હી ઍરપૉર્ટથી વડોદરા પ્રતિ પ્રયાણ કર્યું. વડોદરા ઍરપૉર્ટથી સીધા બ્રહ્મજ્યોતિ પધાર્યા. 'અક્ષરમહોલ'માં ઉપસ્થિત સૌ સ્થાનિક ભક્તોએ સત્કાર્યા. શ્રી ઠાકોરજીનાં દર્શન કર્યાં. સાધુ પૂ. દિનેશદાસજીએ તથા ધૈર્યભાઈએ પૂજન–પુષ્પહાર અર્પણ કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા. સભામાં પધારેલ સૌને આશીર્વાદ આપ્યા. યુ.એસ.એ. પરત પધારતા મનહરભાઈ રતનપરાને વિદાયવેળાએ શુભેચ્છા–આશીર્વાદ પાઠવ્યાં. ફ્લૉરિડા–યુ.એસ.એ.થી પધારેલ મંજુબહેન અને દીકરા ડૉ. રાહુલભાઈને સત્કાર્યાં.

**૧૬ માર્ચ, શનિવાર...** સવારે મંદિરજીમાં રાજભોગ આરતીમાં પધાર્યા. આરતી બાદ ઉપસ્થિત સૌ ભક્તોને દર્શન–સમાગમનું સુખ આપ્યું.

**૧૭ માર્ચ, રવિવાર...** સવારે વ્રતધારી સંત ભાઈઓને લઈને બોરડીટીંબા નરશીદાસ, ચૂનીભાઈના ઘરે પધાર્યા. પરિવારના સૌ મુક્તોએ ખૂબ ભાવથી સૌનાં સ્વાગત કર્યાં. સભામાં પધારી ઉપસ્થિત સૌને આશીર્વાદ પાઠવ્યા. નવનિર્મિત ઘરમંદિરના શ્રી ઠાકોરજી અને સૌ સ્વરૂપોની મૂર્તિનાં પૂજન કર્યાં, આરતી, થાળ અને મંત્રપુષ્પાંજલિ અર્પણ કર્યાં. સાંજે બોરડીટીંબા ગામનાં સૌને દર્શન–સમાગમનું સુખ આપ્યું તેમજ બ્રહ્મજ્યોતિ પરત પધારતા સંતોને વિદાય આપી રાત્રિરોકાણ કર્યું

**૧૮ માર્ચ, સોમવાર...** સવારે પરિવારના મુક્તોને મંગલ પૂજાદર્શનનો લાભ આપી બ્રહ્માનંદ કરાવ્યો. સાંજે બોરડીટીંબાથી સૌની ભાવભરી વિદાય લઈને બાયડમાં 'વૃંદાવન હૉટેલ' ખાતે યોજેલ સમગ્ર ઉત્તર ગુજરાત પ્રદેશની સભામાં પધારી ખૂબ મોટી સંખ્યામાં પધારેલ સૌ ભક્તોને આશીર્વાદ આપ્યા. મોડી રાત્રે બ્રહ્મજ્યોતિ પધાર્યા.

**૧૯ માર્ચ, મંગળવાર...** સવારે મંદિરજીમાં રાજભોગ આરતીમાં પધાર્યા. સાંજે 'પરિમલ'માં પ્રાગટ્યપર્વ નિમિત્તે સંતો દ્વારા યોજેલ વિશિષ્ટ કાર્યક્રમમાં પધારી સૌ સંતો સાથે બ્રહ્માનંદ કર્યો અને ગોષ્ઠિનો લાભ આપ્યો.

**૨૦ માર્ચ, બુધવાર...** સાંજે 'પારમિતા' સભાખંડમાં સૌ સંતો દ્વારા સંતભગવંત પ.પૂ. સાહેબદાદાના પ્રાગટયપર્વની સુંદર ઉજવણી થઈ, તેમાં પધારી સભાના અંતે સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૨૧ માર્ચ, ગુરુવાર...** સવારે અ.નિ. જિતુભાઈ પોપટની અંતિમવિધિમાં પધારી પરિવારના સૌ મુક્તોને બળ પૂરું પાડ્યું.

સાંજે ગુરુવારની યુવકોની સભામાં પ્રાગટ્યોત્સવની ભવ્ય ઉજવણી થઈ, તેમાં પધારી સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૨૨ માર્ચ, શુક્રવાર...** સવારે મંદિરજીમાં રાજભોગ આરતીમાં પધાર્યા. આરતી બાદ ઉપસ્થિત સૌ ભક્તોને દર્શન-સમાગમનું સુખ આપ્યું. સાંજે 'પારમિતા' સભાખંડમાં અ.નિ. જિતુભાઈ પોપટની પ્રાર્થનાસભામાં પધારી તેઓનાં જીવન-માહાત્મ્યની અદ્‌ભુત વાતો કરી આશીર્વાદ આપ્યા.

**૨૩ માર્ચ, શનિવાર...** સવારે મંદિરજીમાં રાજભોગ આરતીમાં પધાર્યા. આરતી બાદ પધારેલ સૌ ભક્તોને સત્સંગનો લાભ આપ્યો. રાત્રે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની સ્મૃતિમાં તેઓએ સાહેબજીને પાઠવેલા પત્રોના આધારે યોજેલ અદ્‌ભુત કીર્તન આરાધના - 'યોગીની લેખિનીએ પ્રગટેલી અધ્યાત્મગંગા'માં પધારી કીર્તનભક્તિનો આનંદ માણ્યો તથા ઉપસ્થિત સૌને આશીર્વાદ પાઠવ્યા. કીર્તન આરાધનામાં સેવા અર્પણ કરનાર સૌ ઉપર અત્યંત પ્રસન્નતા વરસાવી.

**૨૪ માર્ચ, રવિવાર...** સવારે બ્રહ્મસ્વરૂપ પ.પૂ. ભગતજી મહારાજના પ્રાગટ્યોત્સવની સભામાં સદ્‌ગુરુ સાધુ પ.પૂ. અશ્વિનદાદા દ્વારા 'ભગતજી મહારાજના જીવનચરિત્ર' પર આધારિત કથા-પારાયણનું શ્રવણ કરી અત્યંત પ્રસન્નતા વરસાવી. સભાના અંતે ઉપસ્થિત સૌને અદ્‌ભુત આશીર્વાદ પાઠવ્યા. સાંજની સભામાં સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી દ્વારા કથિત 'શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના કથામંગલ' ગ્રંથના પાંચમા અધ્યાયના પારાયણનું શ્રવણ કરી પ્રસન્નતા વરસાવી.

**૨૫ માર્ચ, સોમવાર...** સંતભગવંત પ.પૂ. સાહેબજીના ૮૫મા પ્રાગટ્યપર્વની સભામાં પધારી સૌના ભાવનો સ્વીકાર કરી આશીર્વાદ પાઠવ્યા.



બોરડીટીંબા ખાતે સત્સંગસભામાં સાહેબજીની નિશ્રામાં બિરાજમાન સંતો-ભક્તો

**૨૬ માર્ચ, મંગળવાર...** અ.નિ. સૂર્યકાન્તભાઈ (યુ.કે.)ની ત્રયોદશીની મહાપૂજામાં પધારી પરિવારના સૌ મુકતોને આશીર્વાદ પાઠવ્યા. ત્યારબાદ મંદિરજીમાં રાજભોગ આરતીમાં પધાર્યા. આરતી બાદ પધારેલ સૌ ભક્તોને દર્શન-સમાગમનું સુખ આપ્યું.

**૨૭ માર્ચ, બુધવાર...** સવારે મંદિરજીમાં રાજભોગ આરતીમાં પધાર્યા. આરતી બાદ પધારેલ સૌ ભક્તોને દર્શન-સમાગમનું સુખ આપ્યું. યુ.એસ.એ. પરત પધારતાં કુસુમદીદીને વિદાય વેળાએ શુભેચ્છા અને આશીર્વાદ પાઠવ્યાં. સાજે 'તીરથ'માં સંતોની અઠવાડિક સભામાં અને રાત્રે 'અક્ષરમહોલ'માં નિત્ય રાત્રિસભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા.

**૨૮-૨૯ માર્ચ, ગુરુ-શુક્રવાર...** તપોભૂમિ બ્રહ્મજ્યોતિમાં ચાલતી અનેકવિધ પ્રવૃત્તિઓ નિહાળી અને સૌ કાર્યકર્તાઓને તેઓની સેવા માટે આશીર્વાદ પાઠવી બળ પૂર્યાં.

**૩૦ માર્ચ, શનિવાર...** મંદિરજીમાં રાજભોગ આરતીમાં પધાર્યા. યુ.એસ.એ. પરત પધારતાં રક્ષાબહેનને વિદાયવેળાએ આશીર્વાદ પાઠવ્યા. અમદાવાદથી પધારેલ વસુબહેનને સત્કાર્યાં. 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી સત્સંગલાભ આપ્યો. યુ.એસ.એ. પરત પધારતા નીલેશભાઈને વિદાયવેળાએ આશીર્વાદ પાઠવ્યા.

**૩૧ માર્ચ, રવિવાર...** મંદિરજીમાં રાજભોગ આરતીમાં પધાર્યા. શ્રી ઠાકોરજી સમક્ષ કીર્તનભક્તિનો આનંદ માણ્યો. 'શોભા સાગર શ્યામ તમારી મૂર્તિ...' કીર્તનની સમજૂતી સાથે અદ્‌ભુત આશીર્વાદ પાઠવ્યા. રાત્રિસભામાં સતીશભાઈ ચતવાણી-યુ.કે., સાધુ પૂ દિલીપદાસજી તેમજ સેવક-સાધુ પૂ. હરમીતદાસજી દ્વારા કરવામાં આવેલ મહિમાગાનનું શ્રવણ કરી ધન્યતા માણી. ◆



બાયડ ખાતે ઉત્તર ગુજરાત પ્રદેશના ભક્તોને સત્સંગસભામાં આશીર્દાન

# સત્સંગ સમાચાર

## પ.પૂ. મુકુંદજીવન સ્વામીજી-ગુરુજીનો ૮૭મો પ્રાગટ્યોત્સવ

શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિર, યોગી ડિવાઈન સોસાયટી-દિલ્હી ખાતે સંતો, સંત બહેનો અને ભક્તો દ્વારા પ.પૂ. મુકુંદજીવન સ્વામીજી-ગુરુજીનો ૮૭મો પ્રાગટ્યોત્સવ ૧૧થી ૧૩ માર્ચ, ૨૦૨૪ દરમિયાન ઊજવવામાં આવ્યો. આ પ્રસંગે ગુણાતીત સમાજની બધી જ સંસ્થાઓના ગુરુજનો, સંતો, પ્રતિનિધિઓએ ઉપસ્થિત રહી દિલ્હીના ભક્તોને આનંદ સાથે માર્ગદર્શન અને પ્રેરણા આપ્યાં. અનુપમ મિશન, બ્રહ્મજ્યોતિ-મોગરીથી સંતભગવંત સાહેબજી સાથે સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી અને સંતો પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા.

પ.પૂ. ગુરુજીના અત્યંત વહાલા યુવકો સરલભાઈ અને શિવમભાઈને ૧૧ માર્ચ ૨૦૨૪ની સાંજે મંદિરના કલ્પવૃક્ષ હૉલમાં મહાપૂજા કરીને ગુણાતીત સ્વરૂપોના વરદ્ હસ્તે પાર્ષદી દીક્ષા આપવામાં આવી. આ પ્રસંગે સર્વત્ર દિવ્યતા રેલાઈ રહી. સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ પ્રદાન કરી સંન્યસ્ત માર્ગે નવપ્રસ્થાન કરી રહેલા યુવાન સંતો સહિત ઉપસ્થિત અક્ષરમુક્તોને આશીર્વાદ પાઠવી ગુણાતીતભાવ દૃઢ કરવાનાં માર્ગદર્શન પ્રદાન કર્યાં. ૧૨ માર્ચે માહાત્મ્યદર્શન સભામાં ઉપસ્થિત સંતો અને અક્ષરમુક્તોએ પ.પૂ. ગુરુજીના દિવ્ય મહિમાનાં ગાન કરી, તેઓ પ્રતિના પ્રેમ અને ભક્તિભાવને વ્યક્ત કર્યો.

૧૩ માર્ચ ૨૦૨૪ના રોજ પ.પૂ. ગુરુજીના પ્રાગટ્યદિને સવારે પૂ. સરલ ભગત અને પૂ. શિવમ ભગતને ગુણાતીત સ્વરૂપોના વરદ્ હસ્તે ભાગવતી દીક્ષા આપી પ.પૂ. ગુરુજી દ્વારા પૂ. શીતલદાસ અને પૂ. વત્સલસ્વરૂપદાસ નામાભિધાન કરવામાં આવ્યું. તેમજ નિરેકભાઈ અને નક્ષત્રભાઈને અનુક્રમે નીરવભાઈ અને હંસદેવભાઈ નામાભિધાન કરી સેવકનું વ્રતધારણ કરાવી




દિલ્હી મંદિરે પ.પૂ. ગુરુજીના પ્રાગટ્યપર્વે સંતભગવંત સાહેબજીનાં આશીર્દાન

પ્રભુની સેવામાં જોડ્યા. પૂ. દિનકરભાઈ, પ.પૂ. ગુરુજી તથા સંતભગવંત સાહેબજીએ રૂડા આશીર્વાદ પ્રદાન કરી સૌને કૃતાર્થ કર્યાં. તે જ દિવસે સાંજે પ.પૂ. ગુરુજીના પ્રાગટ્યપર્વની ભવ્ય ઉજવણી મંદિર પરિસરમાં તૈયાર કરાયેલ સભામંડપમાં કરવામાં આવી. અનુપમ મિશનના સંતોએ પ.પૂ. ગુરુજીને વિશિષ્ટ સ્મૃતિભેટ અર્પી તેઓના નિરામય સ્વાસ્થ્ય અને દીર્ઘાયુ માટે પ્રાર્થના કરી. વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓએ મહિમાગાન કર્યાં. આ પ્રસંગે વલ્લભવિદ્યાનગરથી શ્રી ગુણાતીત જ્યોતનાં સંત બહેનો અને ગુણાતીત પ્રકાશના ભાઈઓ, શિકાગોથી પૂ. દિનકરભાઈ અને ભક્તો, પવઈથી પૂ. ભરતભાઈ, પૂ. વશીભાઈ અને સંતો તથા સંત બહેનો, હરિધામ-સોખડાથી પૂ. દાસ સ્વામી અને સંતો તેમજ સાંકરદાથી પૂ. બાપુ સ્વામી અને સંતોની મંગલકારી ઉપસ્થિતિ રહી. ◆

## શ્રદ્ધાંજલિ :



*** પૂ. રમેશભાઈ નાયક :** આણંદનિવાસી પૂ. રમેશભાઈ નાયક ૧૦ માર્ચ ૨૦૨૪ના રોજ અક્ષરધામ પધાર્યા. વ્યવસાયે લૅબ ટૅક્નિશિયન એટલે સત્સંગના લગભગ સૌ ભક્તોના વ્યક્તિગત સંપર્કમાં તેઓ હતા. સૌ સાથે સૌહાર્દપૂર્ણ વર્તન. બીમાર અને જરૂરિયાતમંદ દર્દીઓના ઘરે જઈને બ્લડ-યુરિન સૅમ્પલ લઈ આવે અને રિપોર્ટ પણ ઘરે બેઠાં પહોંચાડે એવી તેમની સેવાભાવના ! સ્વામિનારાયણ સંપ્રદાયનાં લગભગ સૌ સ્વરૂપોની આવી પુણ્યવંતી સેવા તેઓએ કરી હતી. તેઓને સંતભગવંત સાહેબજી અને અનુપમ મિશનના સૌ સંતો માટે વિશેષ પ્રેમ અને તેથી જ ખૂબ ભક્તિભાવે સંતોની સેવા કરી. તેઓનાં ધર્મપત્ની પુષ્પાબહેન સાથે અઠવાડિક સત્સંગસભામાં નિયમિત રીતે હાજર રહેતાં. દીકરા ડૉ. રોનકને સત્સંગસભામાં હાજરી આપવા અને સત્સંગને જ પ્રધાન રાખવાના સંસ્કાર તેઓએ આપ્યા. તેઓના અક્ષરધામગમન પ્રસંગે પરિવારજનોએ અત્યંત સમતા રાખી, પ્રભુના કર્તાપણાનો સ્વીકાર કરી અનેરી ભક્તિ અદા કરી. નવા જન્મે પ્રભુ તેમને પુન: તેમની સેવા અને ભક્તિનો યોગ અર્પશે જ તેવી શ્રદ્ધા અને અંતરની પ્રાર્થના સાથે પૂ. રમેશભાઈને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ ! ◆



*** પૂ. મનસુખલાલ સંઘવી :** અમદાવાદ નિવાસી મનસુખભાઈ સંઘવીનું ૧૬ માર્ચ ૨૦૨૪ના રોજ અક્ષરધામ ગમન થયું. પ.પૂ. પપ્પાજી, પ.પૂ. કાકાજી, પ.પૂ. સોનાબા, સંતભગવંત સાહેબજી સહિત સૌ ગુણાતીત સ્વરૂપોની મન-કર્મ-વચને સેવા કરી

પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરી જીવતર ધન્ય કર્યું. તેમનાં સંતાનો સાધુ પૂ. હર્ષદદાસજી, સાધુ પૂ. પ્રિયકાંતદાસજીને અનુપમ મિશનમાં સંતભગવંત સાહેબજીના આશરે અને દીકરી પૂ. સરયૂબહેનને ગુણાતીત જ્યોતમાં પ.પૂ. પપ્પાજીના આશરે સંન્યસ્ત માર્ગે સમર્પિત કર્યાં. તેઓના ત્રીજા દીકરા મૂકેશભાઈને પણ આ જ ગુણવારસો આપી સત્સંગ અભિમુખ કર્યા. આવા આદર્શ માવતર અને મુક્તરાજ પૂ. મનસુખભાઈને ભાવપૂર્ણ શ્રદ્ધાસુમન અર્પણ, ભાવવંદન! ◆



*** પૂ. પન્નાબહેન પટેલ :** અમદાવાદનાં વતની અને સક્રિય વડીલ અક્ષરમુક્ત પૂ. પન્નાબહેન પટેલ ૧૯ માર્ચ ૨૦૨૪ના રોજ અક્ષરધામ નિવાસી થયાં. અંતિમ શ્વાસ સુધી સત્સંગની સેવા નિષ્ઠાથી નિભાવતાં રહ્યાં. અમદાવાદના મણિનગર વિસ્તારના ભક્તોની અઠવાડિક સત્સંગસભા તેઓના ઘરે થાય, તે સભામાં આવનાર સૌને ખૂબ બળ પૂરતાં ને જતન કરતાં. પૂ. પન્નાબહેન અને તેઓના પતિ હેમેશભાઈ સત્સંગના પાયાના અક્ષરમુક્ત ! પ.પૂ. પપ્પાજી, પ.પૂ. કાકાજી, પ.પૂ. સોનાબા અને સંતભગવંત સાહેબજી સાથે તેઓને જીવની પ્રીતિ થઈ, પરિણામે સત્સંગની સેવામાં ઓતપ્રોત થયાં. એન. આર.દાદા સાથે મળીને મંડળના વિકાસ માટે ખૂબ સેવાઓ કરી. પૂ. પન્નાબહેને સત્સંગભક્તિના આ સંસ્કાર તેઓના દીકરા હાર્દિકભાઈને પણ આપ્યા. મંડળના સૌ ભક્તોને માવતરસમાન પ્રેમ આપી, કાળજી લઈ સંતભગવંત સાહેબજીના સ્વરૂપમાં જોડી સુખી કર્યા. સત્સંગની આવી અનુપમ ભક્તિ કરનાર પૂ. પન્નાબહેનને અંતરથી વંદન! ◆



*** પૂ. કાંતિભાઈ પટેલ (કે. બી. પટેલ) :** અનુપમ મિશનના ખંભાત સત્સંગમંડળના સ્થાપક અક્ષરમુક્ત પૂ. કે. બી.કાકા ૨૦ માર્ચ ૨૦૨૪ના રોજ અક્ષરધામ સિધાવ્યા. વ્યવસાયે પ્રાધ્યાપક, ફરજમાં પ્રામાણિક અને સેવા-ભક્તિમાં અત્યંત નિષ્ઠાવાન પૂ. કે. બી.કાકાના સમગ્ર જીવનમાં આદર્શ મૂલ્યોની સુવાસ મહેકતી. સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતો પ્રત્યે અપાર પ્રીતિ અને અડગ વિશ્વાસ સેવી તેમણે સત્સંગની અદ્‌ભુત સેવાઓ કરી. આ સેવામાં, ભક્તોની સંભાળમાં તેમને તેઓનાં ધર્મપત્ની વસંતબાનો અનેરો સાથ-સહકાર સાંપડ્યો. તેઓનાં સંતાનો હરેનભાઈ, અમિતભાઈને પણ સત્સંગનો આ દિવ્ય વારસો આપી સર્વાંગે સમૃદ્ધ કર્યા. બંને સંતાનો અમેરિકામાં સત્સંગપ્રધાન જીવન જીવી, સત્સંગપ્રવૃત્તિઓનું સુકાન શોભાડે છે. પાયાના સત્સંગી અને આદર્શ મુક્તરાજની ખોટ સત્સંગસમાજને પડશે જ ! પરંતુ, તેઓ દ્વારા અચલ નિષ્ઠા સાથે કરાયેલ સેવાઓ, પ્રસંગે પ્રસંગે પ્રભુના કર્તાપણાના સ્વીકારની જડબેસલાક માનીનતા, પ્રભુના પ્રગટ સ્વરૂપ ગુણાતીત સાધુ પ્રત્યેની પ્રીતિ અને સંબંધીઓમાં તેઓએ રાખેલ નિર્દોષભાવ સદાય પ્રેરક રહેશે. પરમ શ્રદ્ધા અને અદમ્ય મહિમા સાથે પૂ. કે. બી.કાકાએ અર્પણ કરેલ ગુરુભક્તિને વંદન! આવા આદર્શ ગુણીજનને વિદાયવેળાએ નમન! ◆



*** પૂ. જિતેન્દ્રભાઈ પોપટ :** ગુરુદેવ યોગીજી મહારાજ અને સંતભગવંત સાહેબજીના અત્યંત કૃપાપાત્ર નિષ્ઠાવાન મુક્તરાજ પૂ. જિતુભાઈ પોપટ ૨૧ માર્ચ ૨૦૨૪ના રોજ અક્ષરધામમાં બિરાજ્યા. આફ્રિકામાં જન્મેલા અને ગુરુદેવ યોગીજી મહારાજની કૃપાશિષથી ભારત પધારી સત્સંગમાં સક્રિય ફાળો આપનાર પૂ. જિતુભાઈએ યોગીબાપાના આદેશ અનુસાર જ સમગ્ર જીવન વ્યતીત કર્યું. યોગીબાપા આફ્રિકા પધારેલા ત્યારે તેઓના ઘરે નિવાસ કરીને પરિવારનાં સૌને અપાર સુખ અર્પ્યું હતું. આ સમયે જ દૃષ્ટિમાં આવેલ જિતુભાઈને ભારત વધુ અભ્યાસ માટે તેડાવી તેઓના જીવનનું સુકાન યોગીબાપાએ સંભાળ્યું. જિતુભાઈનું સગપણ જ્યોતિબહેન સાથે યોગીબાપાની પ્રેરણાથી થયું. સંતભગવંત સાહેબજી સાથે જોગ પણ યોગીબાપાએ જ કરાવી આપ્યો. આ કૃપા-પ્રસન્નતાને પરિણામે અનુપમ મિશનના નિષ્ઠાવાન સત્સંગસમાજમાં પાયાની ઈંટ બની તેઓએ અલૌકિક ભક્તિ અદા કરી. સંતભગવંત સાહેબજીની આજ્ઞાથી અમદાવાદમાં ધીકતો ધંધો છોડી અનુપમ મિશન સંલગ્ન નેચરક્યૉર સૅન્ટરની જવાબદારી વફાદારીપૂર્વક સંભાળી. ભક્તોની આગતા-સ્વાગતા કરી પ્રેમલ આવકાર આપવો, મહેમાનોનું રખોપું કરવું, સત્સંગસભાઓમાં માર્ગદર્શન આપી મહિમાની ગોષ્ઠિ કરવી; આવી અનેક સેવાઓમાં પ્રવૃત્ત રહી તેઓએ જીવનની પળેપળ પ્રભુપ્રસન્નતાર્થે વિતાવી. અનુપમ મિશનનાં પ્રત્યેક મંદિરોમાં બિરાજમાન શ્રી ઠાકોરજીની મૂર્તિઓના શણગારનાં દર્શન તથા સંતભગવંત સાહેબજીનાં દર્શન-આશીર્વાદને સૌ ભક્તો સુધી ડિજિટલ માધ્યમથી પહોંચાડવાની મહિમાસભર સેવા તેઓએ નિત્ય કરીને અનુપમ મિશન અને સંતભગવંત સાહેબજીના મહિમાનો સર્વત્ર વિસ્તાર કર્યો. તેમનું આવું જીવન તેમના સંતભગવંત સાહેબજી પ્રત્યેના અપાર પ્રેમનું દર્શન હતું ! તેઓના દીકરાઓ પ્રશાંતભાઈ અને પ્રદીપભાઈને પણ આવી જ નિષ્ઠા અને પ્રીતિનો વારસો આપ્યો. તેઓ બંને પણ સત્સંગમાં અગ્રેસર રહી પિતાના સત્સંગવારસાને ઉજાળી રહ્યા છે. જિતુભાઈના મુખેથી હંમેશાં પ્રાપ્તિના કેફ અને માહાત્મ્યની વાતો સરતી. કદીય ફરિયાદ નહીં અને કર્તાપણાનો જડબેસલાક સ્વીકાર કરવાની અનેરી ભક્તિ તેઓએ અદા કરી. અંતિમ દિવસોમાં બ્રહ્મજ્યોતિમાં રહી દેહ છોડ્યો. ખૂબ આદર અને પ્રાર્થના સાથે તેઓને વિદાય આપવામાં આવી. આવા દિવ્ય આત્માઓ પ્રભુ પ્રતિની યાત્રામાં સૌને ખૂબ બળ પૂરે છે, પથદર્શક બને છે. આવા એકાંતિક અક્ષરમુક્ત પૂ. જિતુભાઈને અંતરની વંદનાઓ, શ્રદ્ધાંજલિસભર પ્રાર્થનાઓ! ◆



પ.પૂ. મુકુંદજીવન સ્વામીજી–ગુરુજીના પ્રાગટ્યપર્વે સંતભગવંત સાહેબજીનાં આશીર્દાન



નૂતન સંતો અને સેવકો દ્વારા સંતભગવંત સાહેબજીને પુષ્પમાળા રૂપી ભાવવંદના



પ્રાગટ્યપર્વે પ.પૂ. ગુરુજીને અનુપમ મિશન પરિવાર વતી ભક્તિવંદના... સ્મૃતિભેટ અર્પણ



સંતનિવાસ 'પરિમલ'માં પ્રાગટ્યપર્વની ઉજવણી... સંતભગવંત સાહેબજીનાં આશીર્દાન



'પારમિતા' સભાખંડમાં સંતભગવંત સાહેબજી દ્વારા જળરંગની આશિષવર્ષા





ઉપાસના ધામ, વેમાર મંદિરની મૂર્તિઓનાં પાટોત્સવપૂજન કરતા સંતો... પૂ. અશ્વિનદાદા દ્વારા પાટોત્સવ આરતી અર્પણ

# સંતભગવંત સાહેબજીના ૮૫મા પ્રાગટ્ય મહાપર્વે અર્પણ હૃદયભાવનો દિવ્ય સ્મૃતિ ઝરૂખો




**Regd. News Paper / Air Mail / Book Post**

To,

Brahmanirzar Monthly R.N.I. New Delhi No.: 69476/86 * Po. Regd. No. AND/303/2024-26

* Date of Publication : 14th of each Month

* Date of Posting : 15th of each Month * Posted at: Vallabh Vidhyanagar Post Office

"Brahmanirzar" Monthly Postal Reg. No. RO - VDR/AND - 303 * Date of Dispatch : 15-04-2024 * Office of Origin : Vallabh vidhyanagar

Founder Editor : Shantibhai F. Patel * Editor : Sandipbhai R. Shah

Published by : Dilipbhai V. Desai on behalf of Anoopam Mission.* Published at : Mogri 388 345, Gujarat

Printed by : Pradip S. Giri * Printed at : Prizam Printers and Publishers Ltd., Amdavad 380 008



**If Undelivered Please return to :**

**Anoopam Mission, Brahmajyoti, Yogiji Marg, Mogri-388 345. Gujarat, India**

**Phone : (02692) 230483, 230544**

**email : amindia@anoopam.org * website: www.anoopam.org**